Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.14 - Issue 1
January 2021
Price 12/-



નિરાકાર પરમપિતા શિવ પરમાત્માના સાકાર માધ્યમ
પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્મા

૧૮ જાન્યુઆરી સ્મૃતિ સો સમર્થી દિવસ પર વિશેષ

૧૮ જાન્યુઆરીના અવ્યક્ત દિવસે અર્પીએ પ્રેમપૂર્ણ શ્રદ્ધાંજલિ,
બ્રહ્માબાપને અનુસરી સૌ બ્રહ્માવત્સો અર્પે મીઠી સ્નેહાંજલિ,
વિશ્વનિયંતાની ધરા પર અવતરણની વિચિત્ર વાત લ્યો જાણી,
જ્ઞાનસાગરની જ્ઞાનસરવાણી જે ભાગીરથમાં ઝીલાણી,
સુણો એ બ્રહ્માબાબાની અચરજભરી કહાણી...

સન ૧૮૭૬ સિંધ પ્રાંતમાં એક અદ્વિતીય બાળકે જન્મ લીધો,
બાળપણથી જ એણે ભક્તિભાવ અને સુસંસ્કારોનો રસ પીધો,
મધુરતા સંગ ઈમાનદારીથી આપે કર્યો હીરાનો ધીખતો વ્યાપાર,
રાજાઓ–મહારાજાઓ સાથે પણ ચલાવતા સહજરીતથી કારોબાર,
અસાધારણ વ્યક્તિત્વના ધણી એક દિવ્ય પુરુષની અજબ કહાણી,
ગુરુઓનું સન્માન કરનારા એ માનવ હતા લેખરાજ કૃપલાણી,
સુણો એ બ્રહ્માબાબાની અચરજભરી કહાણી...

સન ૧૯૩૬ની એક સંધ્યા સમયે એ તનમાં પરમાત્માએ કર્યો પ્રવેશ,
નિજાનંદ, જ્ઞાન, પ્રકાશ સ્વરૂપ હું શિવ છું – એ આપ્યો દિવ્ય સંદેશ,
એ વૃધ્ધતનમાં પ્રવેશ કરી શિવે આપ્યું એમને પ્રજાપિતા બ્રહ્મા નામ,
સાક્ષાત્કાર કરાવી શિવે બ્રહ્માને સોંપ્યું વિશ્વના પરિવર્તનનું કામ,
બ્રહ્માતનમાં ગુપ્ત લાલ વિદેહીને જે માનવે લીધા પીછાણી,
જન્મોની જ્ઞાનસુધાને પ્રભુમિલનની પ્યાસ એમની પિછાણી,
સુણો એ બ્રહ્માબાબાની અચરજભરી કહાણી...

પ્રજાપિતા બ્રહ્મા, બ્રહ્મપુત્રા, આદિદેવ, એડમ વ પવિત્ર ગઉમુખ,
સલોના શિવ સાજનની સજની, ભાગીરથ રૂપે થયા સન્મુખ,
પરમાત્માની શ્રીમત પાલના સદૈવ માની શિરોધાર્ય,
બની દધીચિ ઋષિ તન–મન–ધનથી કર્યુ પ્રભુકાર્ય સ્વીકાર્ય,
મહેકાવ્યું નિજ જીવનને દિવ્ય ગુણોનો સુંગધથી જાણે રાતરાણી,
નિરાકાર સાથે કેવી અનુપમ અનેરી પ્રીત આપે નિભાવી જાણી,
સુણો એ બ્રહ્માબાબાની અચરજભરી કહાણી...

આદિરત્નોને સાકાર સાથના અનુભવની અમૂલ્ય તક જે સાંપડી,
બ્રહ્માની કર્મભૂમિમાં એ ફરિસ્તાને નિહાળવા તરસે મારી આંખડી,
બાગવાન શિવના ચૈતન્ય બાગના માળી બ્રહ્માને એટલી જ બસ ફરિયાદ,
મીઠા બાળકો, પ્યારા બાળકો એ પ્યારભર્યા બોલને અંતરમન કરે યાદ,
બાપદાદાએ લખેલા લાલ અક્ષરોના પત્રોમાં શક્તિ એવી સમાણી,
જે પુરુષાર્થમાં લાવે તીવ્ર ગતિ, દિલ પર અમિટ છાપ અંકાણી,
સુણો એ બ્રહ્માબાબાની અચરજભરી કહાણી...

નિરાકારી, નિર્વિકારી, નિરહંકારી – ની આપી અનુભવયુક્ત અંતિમ શિક્ષા,
ધૈર્ય ધરી પર વર્ષોથી વતનમાં બાબા કરી રહ્યા આપણી પ્રતીક્ષા,
૨૧મી સદીના ૨૦૨૧ના વર્ષે ભવિષ્ય ૨૧ જન્મોનું બને શ્રેષ્ઠ પ્રાલબ્ધ,
પુરુષોતમ સંગમયુગમાં ભાગ્યવિધાતા સંગ વરદાની સમય પણ છે ઉપલબ્ધ,
ચૈતન્ય શિવાલય બ્રહ્માતનમાં બિરાજેલ શિવ દ્વારા ગુહ્યાતા કર્મોની સમજાણી,
બ્રહ્માની સંપૂર્ણ સ્થિતિ સ્મૃતિ સ્વરૂપે શાંતિ સ્તંભ તરીકે ઓળખાણી,
સુણો એ બ્રહ્માબાબાની અચરજભરી કહાણી...

– બ્ર.કુ. પાયલબેન, ઉપલેટા (ગુજરાત)

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૪ જાન્યુઆરી-૨૦૨૧ અંક : ૦૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- પ્રજાપિતા બ્રહ્મા ....તંત્રી સ્થાનેથી ..04
- જ્ઞાનામૃત - સુવર્ણ જયંતી વર્ષ 07
- શ્રીમત પર ટ્રસ્ટી બનીને ચાલનાર ....દાદી હૃદયમોહિનીજી ..08
- અમૃતધારા ....દાદી જાનકીજી ..09
- બ્રહ્માબાબાના જીવનની ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..10
- પ્રજાપિતા બ્રહ્માનું એક અનોખું ....દાદી વૃજઈન્દ્રા ..16
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિનીબેન ..22
- એક બળ એક ભરોસા ....બ્ર.કુ. નીતાબેન ..24
- આંતરિક સૌંદર્ય ....બ્ર.કુ. નીલમ ..26
- અખંડ ભારત ....બ્ર.કુ. જયુભાઈ ..27
- વિપરીત પરિસ્થિતિમાં પણ ....બ્ર.કુ. ગોદાવરીબેન ..29
- જીવન રાગની યાત્રા કરવી હોય તો ....બ્ર.કુ. અનિલ ..30
- આટલા દિવસ જ્ઞાનથી શા માટે ....બ્ર.કુ. મહાવીરપ્રસાદ ..31
- પ્રસંગ પરિમલ 32
- વિશેષતાનો ખોટો ઉપયોગ કરશો નહીં. ...બ્ર.કુ. વિનાયક ..33

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૧૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૨.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડૉ. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 079 - 2762 0866

મુદ્રક અને પ્રકાશક
રાજયોગિની ભારતીદીદી

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

Account No. : **71120100007677**

Bank Name : **Bank of Baroda, Pushpkunj Branch** IFSC Code : **BARB0DBPUSH**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.

Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

પ્રજાપિતા બ્રહ્મા

18 જાન્યુઆરીનો દિવસ એ ભારત અને વિદેશો માટે ઉલ્લેખનીય દિવસ છે. આ દિવસે બ્રહ્માબાબાએ પોતાના નિરાકારી, નિર્વિકારી, નિરહંકારી જીવનને કર્માતીત અવસ્થાએ લઈ જઈને પોતાના પાર્થિવ દેહનો ત્યાગ કર્યો અને અવ્યક્ત વતનવાસી બની ગયા.

સામાન્ય માનવમાંથી મહામાનવ બનનાર લેખરાજજીનું (મરજીવા જન્મથી પ્રજાપિતા બ્રહ્મા) જીવન પ્રારંભકાળથી જ ઉલ્લેખનીય હતું. એમનો જન્મ ઈ.સ. 1876માં સિંધ હૈદરાબાદમાં કૃપલાની કુળમાં એક વલ્લભાચારી ભક્તને ત્યાં થયો. તેમના પિતા શાળામાં મુખ્ય શિક્ષક હતા. શિક્ષક પિતાના ઉચ્ચ સંસ્કારોની છાપ લેખરાજજી ઉપર પડી હતી.

પ્રારંભમાં પોતાના ભાઈની સાથે ઘઉંનો વેપાર કરવા લાગ્યા. તેમાંથી વિશેષ અનુભવ, આંતરસૂઝ, મૃદુભાષા અને સૌમ્ય વ્યક્તિત્ત્વને લીધે હીરાઝવેરાતના પ્રસિધ્ધ વ્યાપારી બન્યા. તેઓ ઝવેરાતના વ્યાપારને લીધે રાજા, મહારાજાઓ, ધનાઢ્ય વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા. લેખરાજજીનું વ્યક્તિત્ત્વ અદ્‌ભુત હતું. ધર્મ, શ્રેષ્ઠચારિત્ર્ય અને કર્તવ્યનિષ્ઠાને લીધે તેઓ નેપાળ અને ઉદયપુરના મહારાજાના બહુ પ્રીતિપાત્ર વિશેષ આતિથ્ય અને સન્માનના અધિકારી બન્યા. તેમના ધર્મનિષ્ઠ સ્વભાવ અને વ્યવહારથી રાજવી પરિવારોમાં ઝવેરાત બતાવવા જઈ શકતા. તેમના મહાન વ્યક્તિત્ત્વથી અંજાઈને રાજાઓ ઘણી વાર કહેતા, ‘લખીબાબુ, ભગવાનથી એ ભૂલ થઈ ગઈ કે અમને રાજા



બનાવ્યા. તમને ના બનાવ્યા. રાજાપણાના સર્વ (રોયલ) સંસ્કાર આપનામાં છે.’

લેખરાજજી બાલ્યકાળથી નારાયણના અનન્ય ભક્ત હતા. સ્ત્રીઓ પ્રત્યે એમને વિશેષ માન હતું. શેષશય્યા પર પોઢેલા વિષ્ણુના પગ દબાવતાં લક્ષ્મીવાળી તસ્વીર તેમણે જોઈ. તેઓએ આ દૃશ્ય કપાવી દીધું. એમના ભક્તિભાવથી સભર જીવનમાં સાદાઈ, સંયમ, નિયમિતતાને બહુ જ મહત્ત્વ હતું. એક પણ દિવસ ભક્તિ, પાઠ અને નિત્યનિયમથી વંચિત રહેતા નહીં. તેઓ શ્રીમદ્ ભગવતગીતાનો ઊંડો અભ્યાસ કરીને નિયમિત ગીતા પાઠ કરતા.

ધર્મ અને વ્યવહાર બંનેનું સમતોલપણું તેમણે સાચવ્યું હતું. શ્રીમંત હોવા છતાં એમના જીવનમાં દંભ, આડંબર કે અભિમાનને સ્થાન નહોતું. વ્યવહારમાં દયાભાવના સરળતા, નિખાલસતા, દાન ભાવના, સચ્ચાઈ અને પ્રામાણિકતા દેખાઈ આવતાં હતાં. તેઓ જ્યારે પાર્ટી આપતાં તેમાં માત્ર શાકાહારી ભોજન જ ખવડાવતા. પાર્ટીમાં બીડી, સિગારેટ, શરાબ કે

માંસાહાર ન મળતાં કેટલાક ધનિક મિત્રો કહેતા, ‘દાદા, પાર્ટી ફિક્કી રહી’ પણ દાદા સ્મિત આપીને એ વાતને ઉડાવી દેતા. ‘આપના માટે હું ધર્મ શા માટે ભ્રષ્ટ કરું? તમે તો મને કાગળની નોટો આપો છો પરંતુ હું તો તેના બદલામાં આપને હીરા આપું છું. આ સાંભળી સૌ હસી પડતાં.

દાદાએ અનેક ગુરુઓ કર્યા હતા. ભક્તિ માટે તેઓને વિશેષ પક્ષપાત હતો. તે માટે તેમણે અમરનાથ, હરિદ્વાર, પ્રયાગ, વૃંદાવન, કાશી આદિ વિવિધ સ્થળોએ યાત્રાઓ કરી હતી. તેઓ સાધુ સંન્યાસીઓને પોતાને ત્યાં નિમંત્રણ આપતા, તેઓનું સન્માન કરતા. સત્સંગ કરાવતા અને હજારો રૂપિયા એ સત્સંગમાં ખર્ચી દેતા.

ગુરુ પ્રત્યે એમને ઉચ્ચ ભાવના હતી. એક દિવસ દાદાના પૌત્રની નામકરણ વિધિ અંગે વિશેષ કાર્યક્રમ રાખ્યો હતો. અનેક વ્યક્તિઓને ભોજનનું નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તેવામાં ગુરુનો તાર આવ્યો. ગુરુ દાદાને બોલાવી રહ્યા હતા. દાદાએ તરત જ ગાડી તૈયાર કરવા કહ્યું. તેમનાં પત્નીએ કહ્યું, ‘ઘેર આટલો મોટો ઉત્સવ છે ને તમે જશો? અત્યારે રોકાઈ જાઓ પછીથી જજો’ ત્યારે દાદાએ કહ્યું, ‘સાંભળો, ગુરુનું નિમંત્રણ એટલે કાળનું નિમંત્રણ, કાળ આવે તો શું આપણે એમ કહીને એને રોકીશું કે આજે મારા પૌત્રની નામકરણ વિધિ છે.’

દાદા ગુરુ પાસે ગયા. ગુરુના એક શિષ્યને ખોટ જવાથી દસ હજાર રૂપિયાની જરૂર હતી. દાદાને ગુરુનો વ્યવહાર ન ગમ્યો. તેમણે જણાવ્યું કે પૈસા અંગે આપે જણાવ્યું હોત તો આપને મોકલી આપત. એકવાર મુંબઈમાં બાબુલનાથ મંદિરની સામે આવેલા પોતાના ઘરના વિશાળ આંગણામાં થઈ રહેલા સત્સંગમાં બેઠા હતા. ત્યારે તેમને એક નિરાળો જ આંતરિક અનુભવ થવા લાગ્યો. તેમને વિષ્ણુ ચતુર્ભુજના સાક્ષાત્કાર થયા. તેઓ ગુરુ પાસે ગયા અને આ સાક્ષાત્કાર સંબંધી પૂછ્યું. પરંતુ ગુરુ તે અંગે કંઈજ જાણતા નહોતા. હવે એમને મનમાં એવો નિશ્ચય થયો કે દિવ્યદૃષ્ટિ અને દિવ્યબુદ્ધિ દાતા માત્ર પરમાત્મા જ છે અને પરમાત્માની કૃપાથી જ આ અનુભવ થયો છે.

આમ, દિવ્યચેતનાના અનુભવ પછી દાદા વારાણસી ગયા. ત્યાં એમના એક મિત્રના બગીચામાં બેસીને તેઓ મનનચિંતન કરતા હતા. ત્યારે નિત્ય નવા અનુભવો અને દિવ્ય સાક્ષાત્કારો થવા લાગ્યા. એક દિવસ એમને નિરાકાર જ્યોતિલિંગમ્ શિવ પરમાત્માનો સાક્ષાત્કાર થયો. ત્યાર પછી કલિયુગી સૃષ્ટિના મહાવિનાશનો સાક્ષાત્કાર થયો. ભયંકર બોંબમારાથી વિસ્ફોટથી ચારે બાજુ અગ્નિની જ્વાળાઓ, માનવ ચિત્કારો અને વિનાશનો સાક્ષાત્કાર થયો ત્યારે આજે જે અણુબોંબ છે તે પ્રાયોગિક દશામાં જ હતા. આમ વિનાશના ભયંકર દૃશ્યો જોઈને એમની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. તેઓ બોલ્યા, ‘પ્રભુ બસ કરો, બસ કરો, પ્રભુ આટલો ભયંકર વિનાશ?’ આ સાક્ષાત્કાર પછી દાદાને હીરા ઝવેરાત પથ્થર સમાન દેખાવા લાગ્યા. તેમણે ધીખતી કમાણીવાળો હીરા ઝવેરાતનો ધંધો સમેટી લીધો. દાદાના આ પરિવર્તનથી તેમના ભાગીદાર પણ અચંબામાં પડી ગયા.

એક વખત ફરીથી એમને એમના કાકા મૂલચંદની મૃત્યુદશાનો સાક્ષાત્કાર થયો. જેમાં આત્મા શરીરમાંથી નીકળતો નિહાળ્યો. ત્યારબાદ ફરીથી વિષ્ણુ ચતુર્ભુજનો સાક્ષાત્કાર થયો. મેં (દાદી વૃજઈન્દ્રાજી) જોયું કે દાદા અર્થાત્ બાબાના નેત્રોમાં એટલી લાલી હતી કે એવું લાગતું હતું કે જાણે એમાં કોઈ લાલબત્તી સળગી રહી

હતી. એમનો ચહેરો એકદમ લાલ હતો. અને ઓરડો પણ લાલ પ્રકાશમય થઈ ગયો હતો. હું પણ શરીરભાનથી અલગ, અશરીરી બની ગઈ. એટલામાં ઉપરથી એક અવાજ આવતો હોય તેમ લાગ્યું. જેમ કે દાદાના મુખથી બીજું કોઈ બોલી રહ્યું હતું. આ અવાજ પહેલાં ધીમો હતો પછી ધીરે ધીરે અવાજ મોટો થઈ ગયો. અવાજ એ હતો.

નિજાનંદ સ્વરૂપં, શિવોડહમ્ શિવોડહમ્, જ્ઞાન સ્વરૂપં શિવોડહમ્ શિવોડહમ્, પ્રકાશ સ્વરૂપં શિવોડહમ્ શિવોડહમ્ ફરી દાદાનાં નયન બંધ થઈ ગયા. હું આજ સુધી એ અદ્દ્ભુત દૃશ્ય ભૂલી નથી. આ વાતાવરણ અવિસ્મરણીય છે. એ સમયની અશરીરી અવસ્થા મને સારી રીતે યાદ છે.

દાદાનાં નયન ખૂલ્યાં તો તેઓ ઉપર નીચે ઓરડામાં આશ્ચર્યથી જોવા લાગ્યા. એમણે જે કંઈ જોયું હતું તેની સ્મૃતિમાં લવલીન હતા. મેં પૂછ્યું, 'બાબા, આપ શું જોઈ રહ્યા છો?' બાબા બોલ્યા કોણ હતું? એક લાઈટ હતી માઈટ હતી કોઈ નવી દુનિયા હતી. એનાથી ઘણી જ દૂર ઉપર તારાઓની જેમ જ્યારે તેઓ નીચે આવતા હતા તો કોઈ રાજકુમાર બની જતા હતા કોઈ રાજકુમારી બની જતાં હતાં. એક લાઈટ અને માઈટે કહ્યું તારે આવી દુનિયા બનાવવાની છે. પરંતુ એણે એ ના જણાવ્યું કે નવી દુનિયા કઈ રીતે બનાવવાની છે. તે કોણ હતું કોઈ માઈટ હતી. સ્વયં દાદાને આગળ જતાં એ રહસ્ય સ્પષ્ટ થયું કે પરમપિતા પરમાત્મા શિવે દાદાના તનમાં પ્રવેશ કરીને પોતાનો પરિચય આપ્યો હતો. એમણે જ દાદાને કલિયુગી સૃષ્ટિના મહાવિનાશના તથા આવનારી સતયુગી સૃષ્ટિનો પણ સાક્ષાત્કાર કરાવ્યો હતો. એ પાવનસૃષ્ટિની સ્થાપના માટે એમને નિમિત્ત બનાવીને નિર્દેશ આપ્યો હતો.

મુંબઈ, કલકત્તાથી હીરા ઝવેરાતનો ધંધો સમેટીને દાદા સિંધ હૈદરાબાદ આવ્યા. ત્યાં તેમણે દિવ્ય અનુભવો આધારિત સત્સંગ શરૂ કર્યો. શરૂઆતમાં સત્સંગ 'ઓમમંડલી'ના નામે ઓળખાતો હતો. સત્સંગમાં જે બહેનો માતાઓ આવતી હતી તેઓને દાદાના રૂપમાં શ્રીકૃષ્ણના સાક્ષાત્કાર થવા લાગ્યા. કેટલીક બહેનો ધ્યાન (ટ્રાન્સ)માં જવા લાગી. સમગ્ર સિંધ હૈદરાબાદમાં સન્નાટો વ્યાપી ગયો. દાદાના સંપર્કમાં આવનાર સત્સંગી પવિત્રતાનું વ્રત ધારણ કરતાં, શુદ્ધ શાકાહારી ભોજન લેતાં. પાશ્ચાત્ય સંસ્કારોમાં જીવતા લોકો સત્સંગી બનતાં વ્યસન, ફેશન, વિકારો છોડી સાદગી પૂર્ણ, સંયમી જીવન જીવવા લાગ્યા. એકાએક આવેલા અનેક લોકોના જીવન પરિવર્તનને કેટલાકે આવકાર્યું, તો કેટલાકે વિરોધો કર્યા. કારણ કે વિલાસી જીવન જીવતા લોકોના જીવનમાં આની અસર થવા લાગી. તેઓને પરિવારના સત્સંગી સભ્યોને લીધે સંયમી જીવન જીવવું પડ્યું હતું. તેઓ અકળાઈ ઉઠ્યા.

દાદાએ ઈ.સ. 1937માં બહેનોની એક સમિતિ બનાવીને પોતાની સર્વ સંપત્તિ ઈશ્વરીય કાર્યમાં દાનમાં આપી દીધી. પછી 'ઓમ મંડલી'નું નામ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય થયું. જે કન્યાઓ પવિત્ર જીવન જીવી આધ્યાત્મિક શિક્ષણ મેળવવા માગતી હતી. તેઓ માટે લૌકિક અલૌકિક શિક્ષણની શરૂઆત કરી. હોસ્ટેલની શરૂઆત કરી. જ્યાં તેઓને દિવ્યગુણોથી સભર શિક્ષણ આપવામાં આવતું હતું. સત્સંગમાં આવનાર કન્યાઓ, માતાઓ પર અત્યાચારો થવા લાગ્યા. ત્યાર પછી દાદાએ સત્સંગનું સ્થળાંતર કરાંચીમાં કર્યું. કરાંચીમાં બ્રહ્માબાબાએ ચૌદ વર્ષ સુધી લગભગ 350 બ્રહ્માવત્સો (બહેનો-ભાઈઓ)ને દિવ્યગુણોની ધારણાની તપસ્યા કરાવી. તેથી સત્સંગી બહેનો-

ભાઈઓના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું. તેઓ દૈવીજીવન માટેની અનેક યોગ્યતાઓથી સંપન્ન થયાં.

ભારત સ્વતંત્ર થતાં તેમાંથી કરાંચી પાકિસ્તાનમાં ગયું. આ વખતે હિંસાનું તાંડવ નૃત્ય થયું હતું. લોહીની નદીઓ વહેતી હતી. આમ છતાં આ સંસ્થા કરાંચીમાં તદ્દન ભયમુક્ત હતી. મુસ્લિમ ભાઈઓ તેનું રક્ષણ કરતા હતા. આઝાદી પછીના ત્રણ વર્ષે ઈશ્વરીય પ્રેરણા થતાં આ સંસ્થાનું કરાંચીમાંથી રાજસ્થાનના માઉન્ટ આબુમાં સ્થળાંતર થયું.

નિરાકાર પરમપિતા પરમાત્મા શિવે દાદાના તનમાં દિવ્ય અવતરણ કર્યું હતું. પ્રેમ, નમ્રતા, સાદાઈ અને પવિત્રતાની મૂર્તિ હતા. તેમનું દિવ્યલલાટ, પ્રસન્ન મુખારવિંદ, વયોવૃદ્ધ ઉંમરે પણ ચક્ષુઓનું તેજ, ટટ્ટાર શરીર, ઝડપી ચાલ અને યુવાનોને શરમાવે તેવાં ઉમંગ, ઉત્સાહ અને રુહાનિયત તેમજ પવિત્રતા સૌને પ્રભાવિત કરતાં. એમના મુખમાંથી 'મીઠે બચ્ચે !'નું થતું સંબોધન આત્માઓ ઉપર જાદુઈ અસર કરતું. કન્યાઓ માતાઓના શિરે જ્ઞાનનો કળશ મૂકી સ્ત્રી શક્તિના આધ્યાત્મિક પાસાને વિકસાવી અનેક મહાન બ્રહ્માકુમારી બહેનો-ભાઈઓને તૈયાર કર્યા. ખૂબ ઓછું ભણેલી બહેનોને, ભાઈઓને એમણે નક્કર તાલીમ આપી કે આજે દેશ અને વિદેશોના 140 દેશોમાં 8500 સેવાકેન્દ્રો માનવજાતની સેવામાં વ્યસ્ત છે.

18, જાન્યુઆરી, 1969ની રાત્રે દાદી પ્રકાશમણિજીના હાથમાં સર્વ શક્તિઓ સોંપીને તેઓ અવ્યક્ત વતનવાસી બન્યા.

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

જ્ઞાનામૃત - સુવર્ણ જયંતી વર્ષ

જાન્યુઆરી, 1972થી 'જ્ઞાનામૃત' પત્રિકા પ્રકાશિત થાય છે. ત્યારે પંક્તિઓ લખું છું.

તમે જન જનને સંદેશો શિવનો આપજો,
એની વરદાની વાણી યાદ રાખજો.
જોત જોતામાં વર્ષો રે વહી ગયાં,
આવી સુવર્ણજયંતી છે આજ,
અવસર આવ્યો આંગણે.

'જ્ઞાનામૃત'ની વિકાસયાત્રા અદ્દ્ભુત છે આજ સુધી તેના બધા અંકો પ્રકાશિત થયા છે. કોરોના મહામારીમાં પણ પ્રેસ ખૂલતાં બધા અંકો છપાયાં છે.

'જ્ઞાનામૃત'નો જાન્યુઆરી, 2021નો અંક તૈયાર થયો છે. તેથી વિશેષ વાતો આગામી અંકોમાં લખીશું.

'સુવર્ણજયંતી' વર્ષમાં 'જ્ઞાનામૃત'ના પચાસ હજાર અંકો પ્રકાશિત થાય તેવી અપેક્ષા છે. ઈશ્વરીય સેવા કરવાનો આ અમૂલ્ય અવસર છે.

સેવાકેન્દ્રનાં બહેનો, બ્રહ્માવત્સો, ગ્રાહક નોંધવાની ઝુંબેશને સફળ બનાવે તેવી અપેક્ષા છે.

॥ ઓમશાંતિ ॥

- તંત્રી

- **ચંદન સમાન સુગંધી આપનાર શ્રેષ્ઠ આત્માઓને પરમાત્મા પણ સદા યાદ કરે છે.**
- **ગાળો અને ગ્લાનિને ફૂલોની ભેટ સમજીને સ્વીકાર કરો તો સદા હર્ષિત રહેશો.**
- **એકબીજાના સ્નેહી બનવા માટે સરળતા અને સહનશક્તિનો ગુણ ધારણ કરો.**

શ્રીમત પર ટ્રસ્ટી બનીને ચાલનારા જ બેફિક્ર છે

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ

બાબા જ આપણો સંસાર છે, સંસારમાં સંબંધ હોય છે, પદાર્થ હોય છે એમાં માત્ર પ્રેમ અને ખુશી જોઈએ. તો અમારું એ ભાગ્ય છે કે એક બાબામાં પણ સર્વ સમાયેલું છે. બાપ પણ એક જ છે, શિક્ષક પણ એક જ છે અને સતગુરુ પણ એક જ છે. કારણ કે જીવનમાં આ ત્રણ સંબંધ જરૂરી છે. તે તો અલગ અલગ હોય છે. પણ આપણા માટે એકમાંજ ત્રણ સંબંધ છે. જે પણ બનાવો તે બની જાય છે, આવા બાબા આપણને મળ્યા છે. બાળકના રૂપમાં પણ બાબાને જોઈ શકો છો. જે સંબંધથી આપને પ્રેમ હોય એ સંબંધથી એક નિરાકાર બાબાને જોઈ શકો છો. તો બીજું સંસારમાં રહ્યું શું ? જ્યારે એ નિશ્ચય કરી લઈએ છીએ કે બાબા જ આપણો સંસાર છે. તો બીજી કોઈ ચીજ રહી નહીં. જો આપ પ્રવૃત્તિમાં રહેલા છો તો બાબાના ડાયરેક્શનથી રહ્યાં છો. તો આપ કદી પણ પ્રવૃત્તિમાં રહેતાં, પ્રકૃતિને વશ થશો નહીં. કારણ કે બાબાના ડાયરેક્શનથી રહ્યા છો. તો આપણને ખવડાવનાર બાબા છે. પછી આપ ધંધો કરતા હો, નોકરી કરતા હો, એનાથી પૈસા આવે છે. પણ અપાવનાર કોણ? જો આપણે સ્વયંને ટ્રસ્ટી સમજીએ છીએ તો બહુ મોજમાં રહીશું, કારણ કે જવાબદાર બાબા છે, જેમણે આપણને ટ્રસ્ટી બનાવ્યા છે. બાબાની શ્રીમત પર ટ્રસ્ટી બનીને ચાલતા રહો તો સદા બેફિક્ર બાદશાહની જેમ રહેશો. જે બાબાનાં પાક્કાં ટ્રસ્ટી બાળકો છે એમના માટે એ ગેરન્ટી છે. કદી પણ બાબાના બાળકો ભૂખ્યા રહી શકતા નથી. અંત સુધી દાળ રોટલી મળશે. એના માટે બાબા બંધાયેલા છે. નામ ભલે પ્રવૃત્તિ છે. પણ રહેવાનું પર-વૃત્તિમાં અર્થાત્ ન્યારા અને પ્યારા થઈને રહેવાનું છે. ટ્રસ્ટી અર્થાત્ જવાબદાર બીજા છે. આ માનીને ચાલી રહ્યા છો તો બાબાની ગેરન્ટી છે. અત્યારે એક જન્મ બાબાના બન્યા તો 21 જન્મ માટે ભગવાનની ગેરંટી છે કે આપને કદી દુઃખ, અશાંતિનું નામનિશાન જ નહીં આવે. આટલી ગેરન્ટી કોઈ આપી શકે છે? બાળક અર્થાત્ બાપ સિવાય કંઈ નહીં એનો આધાર છે શ્રીમત. શ્રીમત કેટલી સારી છે. સવારે ઉઠવાથી માંડીને રાત સુધી સૂઈ જવાના સુધી શ્રીમત દરેક કદમમાં મળી છે. એક છે વિચારવું - આ કરું કે ના કરું, આમ કરું તેમ કરું એ તો બાબા કહે છે કે કદમ કદમ પર શ્રીમત આપેલી છે. કદમ બનાવીને આપ્યાં છે સવારે આ રીતે ઊઠો, રાતે આ રીતે સૂઈ જાઓ. દિવસમાં આ રીતે કામકાજ કરો. એ રીતે રસ્તો બનાવીને આપ્યો છે. એ ઉપર માત્ર ચાલવાનું છે. વિચારવાનું નથી. રસ્તો બરાબર છે યા નહીં. મંઝિલ ઉપર પહોંચીશ કે નહીં. રસ્તો સારો છે તો બ્રહ્માબાબા મંઝિલ સુધી પહોંચી ગયા. તો બસ એમના પગલે પગલે ચાલો. અર્થાત્ બ્રહ્માબાબા એ જે કર્યું છે તે કરો.

॥ ઓમશાંતિ ॥

- **જે વાત વીતી ગઈ એને ભૂલી જાઓ વીતેલી વાતોમાંથી બોધપાઠ લઈને આગળના માટે સદા સાવધાન રહો.**
- **શુભ અને શુધ્ધ સંકલ્પ આપણા જીવનનો અમૂલ્ય ખજાનો છે.**

અમૃતધારા

બાબાના પ્યારા બનવા - શરીર અને સંબંધથી ન્યારા બનો

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



બધા જ જ્ઞાનનો સાર એક ઓમશાંતિ શબ્દમાં આવી જાય છે. પહેલું ઓમશાંતિ છે 'મૈં કૌન?' એને સારી રીતે જાણવું જોઈએ. 'મૈં ઓર મેરા' સિવાય કોઈ વાત હોતી નથી. હવે મૈં મેરામેં બદલાય ગયું. પહેલાં આપણે આ દેશના છીએ. આ ધર્મના છીએ. ફલાણા ફલાણા છે. ક્યાં રહે છે? હવે કેટલું ચિંતન બદલાય ગયું.

જ્યારે હું બોલું છું. હું આત્મા છું. તો સંભળાયું અને મુખથી શુદ્ધ અન્ન ખવડાવ્યું, ત્યારે આપણું જીવન આવું બન્યું છે. હું સમજું છું જે દિવસથી બાબા મળ્યા ત્યારથી બંને વાતો બદલાય ગઈ. શરીરથી ન્યારા, સંબંધથી ન્યારા અને બાબાના પ્યારા બનવાનું છે. જ્યાં મન છે, ત્યાં તનથી પણ સેવા કરીને જીવન સફળ કરી રહી છું. જો સેવા ના કરીએ તો ચારે વિષય કઈ રીતે કવર થશે? પ્રદર્શની સમજાવવાની સેવા પણ બહુ સારી છે.

શાંત છું. શાંતિ પણ એવી કે બાબાના બનીને રહીએ. અપાર સુખ લેતા રહીએ. જ્ઞાનનો સાર છે. આત્મ અભિમાની સ્થિતિમાં રહેવું અને દેહ અભિમાન સમાપ્ત કરવું. દેહ અભિમાનમાં દેહ, દેહના સંબંધીઓ સાથે લગાવ યા ઝુકાવ યા ટકરાવથી મુક્ત બની ગયા છો, જો થોડો પણ લગાવ છે તો અહીં જ શાંતિ નહીં મળે. બાબાએ એટલી શાંતિ આપી, જે શાંતિમાં જે સમયે જેને મળીએ યા જો આપણને મળે, કોઈપણ દેશ યા કોઈપણ ધર્મના હોય, કોઈપણ ભાષાવાળા હોય સમજી જાય છે. જ્ઞાનથી અત્યારે એવી પાલના થઈ રહી છે જેમાં ઘણું સુખ મળે છે. પહેલાં સાકાર બાબા વખતે 300-400 ભાઈ-બહેનો હતાં. પછી હજારો થયા અત્યારે લાખો થઈ ગયા છે. બાબાએ મુખથી જ્ઞાન સંભળાવ્યું અને મુખમાં શુદ્ધ અન્ન ખવડાવ્યું. ત્યારે અત્યારે આવું આપણું જીવન છે. હું સમજું છું જે દિવસથી બાબા મળ્યા બંને વાતો બદલાય ગઈ. શરીરથી ન્યારા, સંબંધથી ન્યારા અને બાબાના પ્યારા બનવાનું છે. જ્યાં મન છે, ત્યાં તનથી પણ સેવા કરીને જીવન સફળ કરી રહ્યા છીએ. જો સેવા ના કરીએ તો ચારે વિષય (જ્ઞાન, યોગ, ધારણા, સેવા) કઈ રીતે કવર થશે? પ્રદર્શની સમજાવવાની સેવા પણ બહુ સારી છે. પણ જેટલું જ્ઞાન હું અને મારાનું સ્પષ્ટ છે, આ 5 તત્ત્વોની દુનિયા છે. 5 તત્ત્વોનું શરીર છે. સર્વ કાંઈ 5 તત્ત્વોનું છે. અગ્નિ, પૃથ્વી, જળ, વાયુ, આકાશ આ 5 તત્ત્વ છે. આ 5 તત્ત્વ પણ સુખ આપી રહ્યાં છે. વિજ્ઞાન આ 5 તત્ત્વોના વિનાશનું કામ કરી રહ્યું છે. વિનાશ કઈ રીતે જલ્દી થઈ જાય, તેની તેઓ તૈયારીઓ કરી રહ્યાં છે. એ પણ સંકેત મળી રહ્યો છે. આપણે તો સાઈલેન્સમાં બાબાના સંગથી સતોપ્રધાન બની રહ્યા છીએ. બાબાના બાળક બનવાથી અતીન્દ્રિય સુખના ઝૂલામાં ઝૂલી રહ્યા છીએ. અતીન્દ્રિય સુખ અર્થાત્ ઈન્દ્રિયો આપણા વશમાં છે, ચંચળ હોતી નથી. આ ખાઉં તે ખાઉં આ જોઈએ તે જોઈએથી મુક્ત થઈ ગયા. તેથી જ્ઞાનની ગહનતામાં જાઓ.

॥ ઓમશાંતિ ॥

બ્રહ્માબાબાના જીવનની 16 કળાઓ

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

શિવબાબાએ જે ચાર વિષયો - જ્ઞાન, યોગ, ધારણા અને ઈશ્વરીય સેવા બતાવ્યા છે તે ચારે વિષયોનું કેન્દ્રબિંદુ બ્રહ્મા-બાબાનું જીવનવૃતાંત છે. એટલે શિવબાબા કહે છે ફોલો ફાધર અર્થાત્ બાબાની જીવનકથા આપણે પોતાના જીવનમાં ઉતારવાની છે. આમ તો આપણે કહીશું કે બાબા દરેક વાતમાં સંપૂર્ણ હતા પરંતુ આપણે તેને સોળ કળાઓમાં વહેંચીશું.

શીખવાની કળા - Art of learning

શીખવું અર્થાત્ જીવનમાં પરિવર્તન આણવું. શિવબાબા સર્વને એક સરખું ભણાવે છે પરંતુ સૌ પોતાની શક્તિ અનુસાર તેને ધારણ કરે છે. જેમ કે બ્રહ્માબાબાએ એ જ્ઞાનથી એટલી પ્રાપ્તિ કરી લીધી જેથી તેઓ કર્માતીત બની ગયા. પરંતુ કેટલાંક ભાઈબહેનો ઘણાં વર્ષોથી જ્ઞાનમાં ચાલે છે છતાં પણ એમના જીવનમાં કોઈ પ્રગતિ થઈ નથી. એનું શું કારણ છે? એમની એ મનોવૃત્તિ બની જાય છે કે આપણે તો સર્વ કાંઈ શીખી લીધું. બસ આજ વાતથી માયાનો પ્રહાર થઈ જાય છે જે આત્માને શીખવામાં અડચણરૂપ બને છે. બ્રહ્માબાબા આટલી ઉંમર હોવા છતાં પણ સમજતા હતા કે હું વિદ્યાર્થી છું. આ મનોવૃત્તિએ એમને ઉચ્ચતાના શિખરે પહોંચાડી દીધા. તો આ પ્રકારે શીખવા માટે જાગૃતિ જરૂરી છે. શીખવું એટલે માન્યતામાં પરિવર્તન કરવું અને તે ત્યારે થાય છે જ્યારે શીખવાની વાતનું મહત્ત્વ સમજાય છે. જેમ કે બાબા કહેતા હતા કે બાળકો, આ જીવન હીરા સમાન છે. અર્થાત્ આ શિક્ષણથી આપણે એટલા ઉચ્ચ બની શકીએ છીએ. જ્યારે આ વાત સમજાય છે ત્યારે અધ્યયનમાં ધ્યાન વધી જાય છે. શીખવા માટે પ્રલોભન અને પ્રેરણાની જરૂર છે. ત્યારે બાબા કહે છે કે જે નવા નવા આવે છે તેઓને તમે પહેલાં અહીંનું લક્ષ્ય જણાવો. જ્યારે આપણને ખબર છે કે વિનાશ સામે જ ઊભો છે તો જલદી જલદી પુરુષાર્થ કરવાનો છે. શીખવા માટે બે માન્યતાઓમાં તુલના કરવી જરૂરી છે. પહેલાં એ વાતનું મૂલ્ય આંકવું અર્થાત્ મૂલ્યાંકન કરવું પછીથી ધારણ કરવું. જો કોઈના જીવનમાં પરિવર્તન થતું નથી તો એનો અર્થ એ છે કે એણે સાંભળેલી વાતોનું મહત્ત્વ સ્વીકાર્યું નથી. તેનાથી લાભ થાય છે યા હાનિ તેની તુલના કરી નથી. એટલે ધારણા પણ થઈ નથી. બાબા આપણને રોજ કહે છે કે બાળકો, જે કાંઈ સાંભળ્યું છે તેને રીપીટ (ફરી યાદ) કરો. એનાથી શો લાભ છે તે શોધો, તો ધારણા થશે. અર્થાત્ હજમ થઈ જશે. શીખવા માટે જિજ્ઞાસા જરૂરી છે. બાબા અધ્યયનનું મહત્ત્વ સમજાવતાં કહે છે કે બાળકો, જેને મુરલી સાથે પ્રેમ છે. તમારું અધ્યયન મુરલી (જ્ઞાનનાં મહાવાક્યો) છે. એટલે અધ્યયન છોડશો નહીં. એ રીતે બાબા જ્યારે વૃદ્ધોને બાળકો કહેતા તો એમનામાં અધ્યયન પ્રત્યે જાગૃતિ આવી જતી અને જે યુવાન હોવા છતાં પણ કહેતા કે અમે તો સર્વ કાંઈ શીખી લીધું છે. તો બાબા કહેતા કે વા વૃદ્ધો છે.



વ્યવહાર કરવાની કળા -
Art of dealing or behaviour

મમ્મા કહેતાં 'બાળકો પડે છે પણ પોતાના કર્મોથી અને ઉન્નતિ પણ કરે છે પોતાના કર્મોથી.' એટલે સૌથી મોટી ચીજ કર્મ છે. હવે દૈવી સંસ્કાર, નવા સંસ્કાર કઈ રીતે બને? કર્મોથી સંસ્કાર બને છે. સતયુગમાં આપણા દૈવી સંસ્કાર હશે. તે આપણે અહીંથી જ બનાવવાના છે. કોઈ કહે છે જ્ઞાન પણ સાંભળીએ છીએ, યોગ પણ કરીએ છીએ છતાં પાંચ વિકારો ઉપર કન્ટ્રોલ આવતો નથી યા વ્યવહારમાં કોઈ તફાવત જણાતો નથી. એનો અર્થ એ થયો કે જ્ઞાન સાંભળ્યું જ નથી. કહેવાય છે કે Handsome is that who handsome does. અર્થાત્ સુંદર એ છે જે સુંદર કાર્ય કરે છે. તો આપણો વ્યવહાર એવો હોય જેમાં નિઃસ્વાર્થ સ્નેહ, મીઠાશ અને સદ્ભાવ હોય. બાબાનો વ્યવહાર આવો હતો જેનાથી એમને જોઈને બીજાઓના જીવનમાં, વ્યવહારમાં પરિવર્તન આવતું હતું. આપણા દરેક કર્મમાં સેવા સમાયેલી હોય. સેવા માટે કરેલું કાર્ય જ શ્રેષ્ઠ છે.

વિશ્રામ યા નિશ્ચિંત રહેવાની કળા -
Art of relaxation

જ્યારે આ દેહથી ન્યારા બનીએ છીએ ત્યારે વિશ્રામ થાય છે. જેમ કે આપણે સૂઈ જઈએ છીએ ત્યારે આત્મા દેહથી ન્યારો હોય છે. અહીં પણ આત્માને આરામ મળે છે. પરંતુ રાજયોગ દ્વારા આત્મા જ્યારે શરીરથી ન્યારો થાય છે તો તે છે સતોગુણી આરામ. નિઃસંકલ્પ સ્થિતિથી આપણે ન્યારા પ્યારા પણ બનીએ છીએ અને આરામ પણ કરીએ છીએ. આ સ્થિતિ બાબામાં હતી જેમ કે મુરલીમાં બાબા કહે છે 'બની બનાઈ બન રહી અબ કુછ બનની નહીં.' અર્થાત્ જે નિર્માયું છે તે થઈને જ રહેશે. આમ છતાં પણ બાબા સાવધાન રહેતા. કોઈપણ વિઘ્ન આવતું તો બાબા કહેતા નથીંગ ન્યુ. (આ કંઈ નવી વાત નથી.) બાબાના સ્વરૂપમાં હાસ્ય રહેતું. એટલે એવું સમજવાનું છે કે કરન કરાવનહાર બાબા છે. આપણે તો નિમિત્ત છીએ. આને જ જ્ઞાનમાં નિશ્ચય કહેવાય. બાબા જ સર્વ કાંઈ કરાવે છે. તો આ નિશ્ચયથી આપણે સદા નિશ્ચિંત રહી શકીએ છીએ. આવી નિશ્ચિંત રહેવાની કળા બાબામાં હતી. જે એમના જીવનમાં આપણે સૌએ જોઈ. બાબા કહેતા, 'પાસ્ટ ઈઝ પાસ્ટ સીન સમાપ્ત થઈ ગયો પછીથી એનું ચિંતન ના કરો.' બાબા એ પણ જણાવતા હતા કે કોને ભૂલવાનું છે અને કોને યાદ કરવાનું છે. કોઈપણ આત્માને યાદ કરવાનો નથી કારણ કે તે દુઃખનો જ સાગર છે. તો એને ભૂલવાના છે અને સુખના સાગર બાબા છે એમને યાદ કરવાના છે. બીમારીમાં પણ બાબા 'આ કર્મોનો હિસાબ કિતાબ છે.' એમ વિચારીને માત્ર દુઃખને ભૂલતા જ નહોતા પણ એને સેવાનું સાધન બનાવી દેતા. જેમ કે એકવાર બીમારીમાં ડોક્ટર આવ્યા તો બાબાએ ડોક્ટરને પૂછ્યું હાઉ આર યુ ડોક્ટર? (ડોક્ટર કેમ છો?) ડોક્ટરને દર્દીની આ વાતથી આશ્ચર્ય થયું. પછી બાબાએ સેવા શરૂ કરી. સ્વસ્થ રહેવાનો અર્થ સમજાવ્યો. સ્વ+અસ્થ. સ્વ એટલે આત્મા અભિમાની અને અસ્થ એટલે સ્થિતિ. તો જ્યારે આત્મિક સ્તિથિમાં છીએ ત્યારે સ્વસ્થ છીએ. પછી બાબા જણાવતા. બીમારીમાં કોઈ હાલચાલ પૂછવા આવે તો આપણે રડીને ના કહીએ કે હિસાબ કિતાબ પૂરો કરી રહ્યા છીએ. હિસાબ કિતાબની વાત અંદરમાં સમજીને સંતુષ્ટ રહીએ, ખુશ રહીએ. નિશ્ચયથી નિશ્ચિંતતા આવે છે. બાબા ડ્રામાની પોઈન્ટથી દરેક સ્થિતિમાં એકરસ રહેતા અર્થાત્ નિશ્ચિંત રહેતા, આરામમાં રહેતા, બાબા

કહેતા બેગમપુરના તમે બાદશાહ છો. કાપારી (નિરંતર એકરસ) ખુશીમાં રહો. જેને જોઈને કોઈ પૂછે કે આપનામાં આવી ખુશી ક્યાંથી આવી?

જીવવાની કળા - Art of living

જ્ઞાનમાં આવતાં પહેલાં બાબા રાજાઓને મળતા હતા. એમનું જીવન પહેલાં કેટલું ભવ્ય હતું. પરંતુ જ્ઞાનમાં આવતાં સાદગી આવી ગઈ. બાબા કહેતા 'સાદું જીવન ઉચ્ચ વિચાર' ખર્ચ ઓછો કરો પરંતુ ચીજ લાંબા સમય સુધી ચાલે. ખાવા પહેરવા અને રહેવાની બાબતમાં આપણા લીધે કોઈને પરેશાની થાય તેવું ના કરો. બાબા તો ત્યાં સુધી કહેતા હતા કે બાળકો, સ્ટેશન ઉપર વધારે ભાઈ-બહેનોએ આવવું જરૂરી નથી. ફુલ વગેરે લાવીને પણ દેખાવ કરવાનો નથી. તે પૈસા સેવામાં લગાવો. તો બાબાની સાદગી જ પ્રત્યક્ષતા કરતી હતી. પૈસા ખર્ચીને શો (દેખાવ) કરવાનો નથી. બાબા એટલા સાદા હતા કે જ્યારે વધારે બાળકો મધુવનમાં આવી જતાં તો બાબા કહેતા બાળકો, મારા ઓરડામાં પણ આવીને સૂઈ શકો છો. જો કે બાબાનો ઓરડો ઘણો નાનો હતો (હાલ બાબાનો ઓરડો વિસ્તૃત કરાયેલ છે.) બાબાનું જીવન બાળકો માટે હતું. પોતાના ખાવામાંથી બચાવીને પણ બીજાને આપવું. કેટલી મોટી સેવા બાબાએ કરી. એ જ કારણે આજે કોઈ નવા બાળકો આવે છે તો તેઓ જ્ઞાનને મોડેથી સમજે છે. પરંતુ અહીંના ત્યાગ, સેવાભાવ જોઈને જ પ્રભાવિત થઈ જાય છે. બાબાને જોઈને લોકો માત્ર સંતુષ્ટ જ થતા નહોતા પણ પોતાનું જીવન જ ન્યોછાવર કરી દેતા હતા. તો આપણે એ જોવાનું છે કે આપણાથી કેટલા લોકો સંતુષ્ટ, ખુશ છે? પછી આવે છે સ્વચ્છતા. બાબા કહેતા Cleanliness is next to Godliness પણ એ બાબાના જીવનમાં જોયું કે ખર્ચ ઓછો પણ સ્વચ્છતા વધારે. મધુવનની સ્વચ્છતા આજે પણ લોકોને પ્રભાવિત કરે છે. વળી બાબા કહેતા પોતાનું જીવન એવું ચલાવો જેનાથી કોઈને પણ દુઃખ ના થાય. કર્મ નિયમપૂર્વક હોય, પરંતુ કષ્ટ આપનાર ન હોય, પોતાનું કામ જાતે કરો. તો બીજાઓને કષ્ટ થશે નહીં અને મતભેદ પણ થશે નહીં. પછીથી આવે છે માગવાની ટેવ. કેટલાક સમજે છે કે આપણે તો યજ્ઞના માટે માગી રહ્યા છીએ, તેનાથી તો આપનારનું કલ્યાણ જ થશે. પરંતુ બાબા કહેતા માંગવાથી મરવું ભલું. બાબા તો ત્યાં સુધી કહેતા કે કોઈ સંબંધી શિવબાબાને ઓળખ્યા વગર લૌકિક સંબંધથી આપે છે તો તે પણ લેવું નહીં. કારણ કે અત્યારનું લેવું ભવિષ્યમાં 21 જન્મ સુધી અનેકઘણું કરીને આપવું છે. તો આપણે કઈ રીતે લઈ શકીએ. વળી બાબાની સામે બેગરી પાર્ટના રૂપે પરિસ્થિતિઓ પણ ઘણી આવી. છતાં બાબાએ ખુશી ખુશીથી તેને પાર કરી પરંતુ કોઈની પાસે માંગ્યું નહીં. આપણે જોઈએ છીએ કે સંસારમાં શ્રેષ્ઠ વ્યક્તિ એને કહેવાય છે જે કોઈ નવી શોધ કરે છે. જેમ કે કોઈએ હિમાલયના ઉપર આરોહણ કર્યું. વીજળી વગેરેની શોધ કરી. યા એટમ બૉંબની શોધ કરી. તો તેને પ્રસિદ્ધિ મળે છે. પરંતુ બાબાએ તો નવી જ દુનિયા બનાવી. આવી વ્યક્તિ સંસારમાં કોઈ હશે નહીં. તો આપણે એવું જ જીવન બનાવવાનું છે.

પરિવર્તનની કળા - Art of transformation of moulding

બાબા કહેતા 'ધરત પરિયે ધર્મ ન છોડિયે.' (માથું પડે પણ ધર્મ ન છોડવો) એકવાર સમજી લીધું કે સ્વધર્મ શું છે, સ્વલક્ષ્ય શું છે તો મોલ્ડ થવાનું છે. આ પણ બ્રહ્માબાબાના જીવનમાં જોયું. જે દિવસે સાક્ષાત્કાર થયો 'અહમ્ ચતુર્ભુજ તતત્વમ્' આ તમે જ છો. બસ એ દિવસથી જ પરિવર્તન થઈ ગયું. જેઓ વારંવાર કહેવડાવે છે

તેઓ મનુષ્ય છે. તીવ્ર પુરુષાર્થનો અર્થ જ છે તીવ્ર પરિવર્તન. બાબા કહેતા હતા કે આપ જ આધારમૂર્ત અને ઉદ્ધારમૂર્ત છો. જેમ કે કોઈ કામ કોઈ એક વ્યક્તિના કારણે અટકી ગયું અને એને કહેવામાં આવે છે કે આટલું જરૂરી કામ તમારા કારણે જ બાકી રહી ગયું છે. તો તે વ્યક્તિ કેટલી જલદીથી પોતાની ભૂલને કબૂલીને તે પૂરું કરે છે. તે રીતે આપણે બાબાને પૂછતા કે બાબા સતયુગ ક્યારે આવશે? તો બાબા કહેતા તમારા કારણે જ અટક્યો છે. તો વિનાશ માટે બાબાને પૂછો નહીં કે વિનાશ ક્યારે થશે. તેના કરતાં જલદી જલદી પુરુષાર્થમાં લાગી જવું સારું છે.

પોતાના બનાવવાની કળા -

Art of making your own

બાબા સામે ગમે તેવો આત્મા આવે તો પણ બાબા કહેતા, તમે તો ઘણું મોટું કાર્ય કરી શકો છો. બાબા નિરાશ આત્માઓમાં પણ આશા ઉત્પન્ન કરી દેતા. ગામડાનો ગમે તેવો, અભણ, ગરીબ આત્મા હોય પણ બાબા એને એ રીતે મળતા કે જાણે તે ઘણો મોટો વિશિષ્ટ માનવ હોય. (વી.આઈ.પી.) મધુવનમાં જે કોઈ પણ આવે તેને બાબા સત્કારતા અને વિદાય આપતા. ગો સૂન કમ સૂન (જલદી જાઓ અને જલદી પાછા આવો)ની ટોલી (પ્રસાદ) પણ અહીંથી શરૂ થઈ. મોકલતી વખતે બાબા ગીત વગડાવતા. ગીતના શબ્દો હતા. 'ભગવાન તુમ્હારે ઘરકા શ્રૃંગાર જા રહા હૈ.' જેનાથી સૌ પોતાને મહાન સમજતા. એની સાથે સાથે બાબા પથ પ્રદર્શન પણ કરતા. જેનાથી સૌને મધુવન 'પોતાનું ઘર છે.' એવી અનુભૂતિ થતી. મધુવન આવીને બાબાને મળીને સૌ પોતાના ઘરને ભૂલી જતાં. નાનાં બાળકોનું પણ બાબા એવું દિલ જીતી લેતા કે જ્યારે પોતાને ઘેર જવાનું થાય ત્યારે બાળકો સંતાઈ જતાં. દુનિયામાં ગુરુ અને શિષ્યો હોય છે. પરંતુ અહીં બાબાને મળીને સૌ હળવાશનો અનુભવ કરતા. ડર લાગતો નહીં ને એવું અનુભવતા કે આ પહેલાં ઘણીવાર મળેલા છીએ. બાબા માત્ર જ્ઞાન અને યોગ શીખવાડતા નહોતા પણ પારિવારિક લાગણીનો અનુભવ કરાવતા. જેમ કે દ્રાક્ષ તો સર્વ શહેરોમાં મળે છે છતાં પણ બાબા સૌને દ્રાક્ષ મોકલતા. કોઈને વર્ષગાંઠની શુભેચ્છાનો તાર પણ મોકલતા. જેમ કે કોઈ મકાનનો પાયો નંખાય છે તો તાંબુ, પીતળ વગેરે સર્વ કાંઈ નાખવામાં આવે છે. તે રીતે જ્ઞાન અને યોગની સાથે આ સર્વ પણ જોઈએ. નહીંતર સેન્ટરનો વિકાસ થાય નહીં. બાબા બાળકોની એટલી મહિમા કરતા જેથી એમના ગુણોનો વધારે વિકાસ થતો અને તેઓ કમાલ કરતા. બાબા બાળકોને આંગળી પકડીને ઘર બતાવતા. સ્ટોક બતાવતા. એમની સાથે ખાવાનું ખાતા. કોઈ સેવા કરવા જતું તો બાબા એના ખિસ્સામાં સૂકો મેવો (ડ્રાય ફ્રુટ) ભરી દેતા. બાબા એટલા દૂરંદેશી હતા કે બાળકોને પોતાના બનાવવાના ઉપાયો બાબા જેટલા કોઈ જાણતું નહીં.

સ્વસ્થ રહેવાની કળા -

Art of keeping healthy

બાબા કહેતા, શરીર સારું હશે તો સેવા કરી શકશો. સૌથી પહેલી વાત એ છે કે તંદુરસ્તી જાળવવા ખુશી જોઈએ. જે જ્ઞાનથી મળે છે. બીજું તાજું ભોજન. રાતનું વધેલું વાસી ભોજન ખાવાની બાબાની મનાઈ કરતા. કારણ કે એમાં રાત્રિના અશુદ્ધ વાયબ્રેશન (આંદોલનો) આવી જાય છે. બાબા બાળકોને પહાડી ઉપર ફરવા પણ લઈ જતા જેનાથી તાજી હવા મળતી. આ રીતે તંદુરસ્તી જાળવવાનું જ્ઞાન પણ બાબા આપતા. જેમ ફેક્ટરીમાં એક મુખ્ય ચીજનું નિર્માણ થાય છે. સાથે સાથે તેના છૂટા ભાગો પણ બને છે. તે રીતે

બાબા જ્ઞાન અને યોગની સાથે સાથે આ સર્વે પણ શીખવાડતા. બાબા કહેતા તંદુરસ્તી જાળવવા માટે દવાની સાથે દુઆઓ પણ લેતા રહો.

પત્ર લખવાની કળા - Art of letter writing



પત્રો દ્વારા પત્રલેખકની મનોવૃત્તિનો પરિચય મળે છે. બાબાના પત્રો જીવનમાં ઉત્સાહ જન્માવનારા હતા. બાબા કોઈનું એની ભૂલ તરફ ધ્યાન ખેંચાવતા તો સૌ પહેલાં તેની પ્રશંસા કરતા પછીથી તેને સારી રીતે તેની ભૂલ બતાવતા. જેથી તેને દુઃખ ન થાય. બાબા એવા પત્રો લખતા કે વારંવાર વાંચવાની ઈચ્છા થતી. બાબા પત્રોથી જ આત્માઓને પોતાના બનાવી લેતા. પત્ર વાંચીને આત્મા પ્રભુ માટે ન્યોછાવર કરી દેતો.

પ્રકાશન યા પ્રસિદ્ધિ મેળવવાની કળા - Art of publicity

બાબા કહેતા, જેમ ધંધામાં સેમ્પલ બતાવવામાં આવે છે, તે રીતે જ્ઞાનમાં લોકોને સ્વરૂપ બનીને, સેમ્પલ બનીને બતાવો. તો જિજ્ઞાસુ પણ ખુશ થશે અને ઓફિસ, પરિવારમાં પ્રશંસા કરશે અને સર્વને લઈને આવશે. આ રીતે ખર્ચ વગર પ્રસિદ્ધિ થશે. બાબા કહેતા કે સર્વને બાપ (પરમપિતા શિવ પરમાત્મા)નો પરિચય આપો. ઘરો પર, ગાડીઓ પર બોર્ડ લખીને લગાડો. આવી આવી પબ્લીસિટી કરવાની તાલીમ પણ બાબા આપતા. જેથી શિવબાબાનું નામ પ્રસિદ્ધ થાય.

હાસ્ય કળા યા વિનોદ કળા - Art of entertainment

જ્ઞાનની સાથે સાથે બાબા હસાવતા અને બહેલાવતા. હસવા હસવામાં લોટની ગોળીને તાજી ટોલી કહીને ખવડાવતા. એકવાર બાબા કેટલાક બાળકો સાથે પહાડીમાંથી સૂકા લાકડા અને ચેરી વગેરે લઈ આવ્યા અને મમ્માની પૂજા કરવા લાગ્યા. આ રીતે બાબા ખૂબ હસાવતા અને બહેલાવતા પણ ખરા. આ પણ એમનામાં એક વિશેષ કળા હતી.

નેતૃત્વ કળા - Art of leadership

નેતાનું કાર્ય હોય છે જનસમુદાયને જાગૃત કરીને આગળ ધપાવવાનું. બાબાએ એવું કામ કર્યું જેથી દરેક લીડર (નેતા) યા ટીચર (શિક્ષક) બની ગયાં. બાબાના આશરે પાંચ લાખ બાળકો સર્વ ટીચર છે. બાબા સૌને પ્રવૃત કરી દેતા. બુદ્ધિ જ્યારે રચનાત્મક કાર્યમાં લાગી જાય છે તો ખંડનાત્મક કાર્ય સમાપ્ત થઈ જાય છે. જેમ કે પથ્થર પાણીના પ્રવાહમાં ઘસાઈ ઘસાઈ પૂજન યોગ્ય બની જાય છે. તે રીતે બીજાઓની સેવા કરતાં કરતાં આત્મા લાયક બની જાય છે. દરેકને બાબાએ કામ સોંપીને આગળ ધપાવ્યા.

પાલના કરવાની કળા - Art of caring

બાબા કહેતા કે પ્રદર્શન કરીને પછી થાકીને સૂઈ જશો નહીં તેની પાછળ મહેનત કરો. ત્યારે તેનું ફળ મળશે. જો કોઈ જિજ્ઞાસુ કોઈ કારણથી સેન્ટરમાં નથી આવતો, તો બીજા જિજ્ઞાસુને ડ્યુટી સોંપો. જેથી તે તેની તપાસ કરે. તેને મુરલી મોકલો. પત્ર મોકલો. ટોલી મોકલો યા કોઈને કોઈ કાર્ય સોંપીને સંપર્ક જાળવી રાખો.

સમાવવાની કળા - Art of inclusion

બાબાના જીવનમાં એ જોવા મળતું કે જો બાબાને કોઈ બાળક વિશ્વાસથી પોતાની વાત કહેતું તો બાબા તેની વાતને સાગરની જેમ સમાવી દેતા. બીજાઓ સુધી તે વાતને પહોંચવા દેતા નહીં. એથી સર્વે ખુલ્લા મનથી પોતાની વાત બાબાને

સંભળાવી દેતા. આ કળા પણ બાબામાં હતી.

નિરર્થકને સાર્થક બનાવવાની કળા - Art of making waste into best

લોકો નકામાં લોખંડને સોનાને ઓગાળીને નવો આકાર આપે છે. તે રીતે બાબા આત્માઓના વિકારી સંસ્કારો, નકામી ટેવોને સમાપ્ત કરાવીને સારી ટેવો પાડતા. સમગ્ર પતિત દુનિયાને પાવન બનાવવાનો બાબાનો શુભ સંકલ્પ હતો. ઘરની નકામી ચીજને બાબા નવું રૂપ આપીને ઉપયોગી બનાવી દેતા.

ભણાવવાની કળા - Art of teaching

અધ્યાપન કરાવવામાં પહેલી વાત સ્થાન તથા વાતાવરણની હોય છે. સાફ સફાઈવાળા અને શાંત વાતાવરણ એવા મધુવનને બાબાએ અધ્યાપન માટેનું સ્થાન બનાવ્યું. સમય પણ અમૃતવેળાનો. જેમાં મન તદ્દન નવું હોય છે. જ્ઞાન આપતાં પહેલાં બાબા યોગ કરાવતા અને ગીત વાગતું. અગરબત્તી પણ સળગાવવામાં આવતી જેનાથી મનનું યોગ્ય સેટીંગ થઈ જતું. ભગવાનનું આટલું ઊંચુ જ્ઞાન બાબા એકદમ સરળ બનાવીને સંભળાવતા જેને ગામડાના અભણ લોકો પણ સમજી શકતા. બાબાના શિક્ષણમાં અનેક વિષય છે. પરંતુ બાબા એ રીતે ભણાવતા જેથી લાગતું કે એક જ વિષય ભણાવી રહ્યા છે. અને વાત કહેતા હોય તે રીતે ભણાવતા. બાબાનું શિક્ષણ વિદ્યાર્થી અને શિક્ષકની વચ્ચે નિકટતા લાવનારું હોવા છતાં ગંભીર હતું. સર્વનો સમન્વય રહેતો. બાબાના શબ્દોમાં ગરમી હોય તો મીઠાશ પણ હોય. અને શબ્દો યોગ્ય રીતે નીકળતા. બાબાને કોઈ વાત સંભળાવવી હોય તો જનરલ ક્લાસમાં સંભળાવતા. જેનાથી જેને વાત લાગુ પડતી તે સ્વયંનું પરિવર્તન કરી લેતા. બાબા પોતાની ચલનથી, દૃષ્ટિ, વૃત્તિ, વ્યવહારથી ભણાવતા. બાબાની ભાષામાં રસ પણ છે, સત્તા પણ છે અને શક્તિ પણ છે.

પ્રશાસન કરવાની કળા - Art of administration

એક નવી દુનિયાની સ્થાપના કરવી, એક એકના સંસ્કારોને બદલવા એ કેટલું કપરું કાર્ય છે. મોટામાં મોટો કલાકાર તે છે જે થોડાં સાધનોથી મોટું કાર્ય કરે. બાબાના જીવનમાં હતું કે કાર્ય શરૂ કરો. સાધનો સ્વતઃ મળી જશે. બાબાના જીવનમાં સામ્યવાદ જોયો. જેને જેટલી જરૂર હોય તે અનુસાર પ્રાપ્તિ. બાબા ડીગ્રીઓવાળાને તેમની યોગ્યતા મુજબનું કામ આપતા. દરેકને તક આપતા. અહીં સૌ કામ માગે છે કારણ કે અહીં કામને સેવા અને સેવાને ભવિષ્યની પ્રાપ્તિ કહેવામાં આવે છે. અહીં કોઈ બોસ યા મેનેજર નથી. રોબ નથી. લોકો વર્ક (કામ)ને લેબર (મજૂરી) સમજે છે. અહીં વર્કને ગુડલક (સદભાગ્ય) સમજે છે. બાબાના પ્રશાસનમાં સ્ટ્રાઈક યા રજા નથી.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 32નું અનુસંધાન)... પ્રસંગ પરિમલ

મળી રહ્યું હતું ને તમે અહીં બેઠા છો. ત્યારે તે બોલ્યો, આજસુધી જૂઠા સુખ સંતોષ મેળવ્યાં પણ આજે સાચું સુખ મળ્યું છે. તમે પણ મારી સાથે સત્સંગમાં આવીને સાંભળો.

સાર એ છે કે ભૌતિક સંપદા શરીરને સુખ આપે છે. પરંતુ સત્સંગ આત્માનું સુખ આપે છે. આત્માનો સંતોષ શરીરના સુખથી વધારે હોય છે.

॥ ઓમશાંતિ ॥

પ્રજાપિતા બ્રહ્માનું એક અનોખુ અને અલૌકિક જીવન વૃતાંત

બ્ર.કુ. દાદી વૃજઈન્દ્રા, સાયન મુંબઈ

મને હજુ સુધી એ વાત યાદ છે કે એક વખતે બાબા લાંબા સમય સુધી જાગતા રહ્યા હતા. તેઓ એ બાબતનો વિચાર કરતા હતા કે કરોડો મનુષ્યાત્માઓને પરમ-પિતા શિવ પરમાત્માનો પરિચય કેવી રીતે મળે. એ વિચાર મંથનમાં પરોઢિયાના ત્રણ વાગ્યા હતા. તે વખતે તેમને થોડોક આરામ કરવાનો અથવા ઊંઘવાનો વિચાર આવ્યો. પરંતુ એ વખતે તેઓ એક કલાક ઊંઘ્યા હશે એટલામાં તેમની આંખ ઊઘડી ગઈ. તેમણે વિચાર્યું કે હવે ક્લાસનો સમય થનાર છે. સવારે પાંચ વાગ્યાના ક્લાસમાં આવ્યા અને આવતાં જ તેઓ પહેલું વાક્ય આ પ્રમાણે બોલ્યા, 'બાળકો હું તમારી ક્ષમા માગું છું. (I am sorry) મેં વિચાર્યું કોણ જાણે આજે શું થયું.' વાત એમ હતી કે બાબા ક્લાસમાં પાંચ મિનિટ મોડા આવ્યા હતા. બાબાએ કહ્યું, બાળકો હું પણ પુરુષાર્થી છું, આજે લગભગ ત્રણ વાગે ઊઠી ગયો. પરંતુ મગજ થોડું ભારે હતું. માટે એ વિચારતો ચાલી રહ્યો હતો કે થોડો આરામ કરી લઉં, આજે વર્ગમાં મોડો જઈશ. બીજો વિચાર એ ચાલતો હતો કે જો હું નહીં જાઉં તો શિવબાબા આવીને જ્ઞાન-ખજાનો કેવી રીતે આપશે? બાબા તો મારી રાહ જોતા હશે નંદીગણ નહીં જાય તો શિવબાબા કોના ઉપર સવારી કરશે? સર્વ સેવા કેન્દ્રોમાં આ સમયે એ વિચારતાં હશે કે શિવબાબા આવ્યા હશે. તેમણે જ્ઞાન મુરલી ચલાવી હશે તે (મુરલી) અમને મળી જશે. જો હું નહીં જાઉં તો મારી ગેરહાજરી પડશે. અને તે બધા જ્ઞાન-ધન વિનાના રહી જશે. આ રીતે હું ઊઠી તૈયાર થઈ આવ્યો છું. પરંતુ પાંચ મિનિટ મોડું થઈ ગયું છે. જુઓ પહેલા દાદા કોઈપણ વખતે ભક્તિ પૂજાના કાર્યને છોડતા ન હતા. જેવી રીતે પહેલાં તેમને તેમના લૌકિક ગુરુમાં શ્રધ્ધા હતી અને તેઓ તેમની આજ્ઞાને 'કાળનું નિમંત્રણ' માનતા હતા તથા તેમના સત્સંગ વચ્ચેથી ઊઠી જતા ન હતા, તેવી રીતે તેઓ સાચા ગુરુ શિવબાબાની 'મહાકાળની આજ્ઞા' માનીને તેનું પાલન કરતા હતા અને તેમના ક્લાસમાં પૂરી રીતે વિદ્યા અધ્યયન કરતા હતા. તેને કારણે તેઓને જ્ઞાનસાગર પરમપિતાએ પસંદ કર્યા. અને અપાર જ્ઞાન આપી 'પ્રજાપિતા બ્રહ્મા'નું પદ આપ્યું. તે સર્વના વિશ્વાસપાત્ર હતા માટે શિવબાબાએ તેમને પસંદ કર્યા.

દાદાના સંસ્કાર એવા શુદ્ધ હતા કે બધાને તેમના પર વિશ્વાસ હતો. જે લોકો તેમની સાથે સોદો અથવા લેણદેણ કરતા હતા, તેમને એ નિશ્ચય હતો કે તેઓ સાચો સોદો કરી જતા હતા. પરમપિતા પરમાત્મા શિવની પ્રવેશતા પહેલાંની વાત છે કે રાજાઓએ સ્પષ્ટ છૂટ રાખી હતી કે તેઓ ગમે ત્યારે સીધા જ રાજમહેલોમાં પ્રવેશ શકતા હતા. તેમના ભાગીદારો અને મિત્ર સંબંધીઓએ તેમના સલાહસૂચન પર પૂરી શ્રધ્ધા હતી. તેમના સાચાપણાને કારણે તો, 'સચ્ચે દિલ પર સાહિબ રાજી' થયા. અર્થાત્ સત્યસ્વરૂપ પરમાત્માએ પણ તેમને પોતાના વિશ્વાસ પાત્ર બનાવ્યા. દાદાના મનની નિર્મળતા અને કોમળતાએ પરમાત્માને પણ મુગ્ધ કરી દીધા હતા. તેથી પરમાત્માની પ્રવેશતા પછી તેમની એ

ઈમાનદારી, વફાદારી અને સચ્ચાઈને કારણે તેઓ પરમપિતા પરમાત્માના મુરબ્બી સંતાન અથવા Most Beloved Child બની ગયા.

દાદાનું વ્યક્તિત્વ પણ ઘણું જ પ્રભાવશાળી હતું. સાધારણ પોષાકમાં પણ તેઓ એક રાજા જેવા દેખાતા હતા. જ્યારે તેઓ અમરનાથની યાત્રાએ ગયા હતા ત્યારે તેઓ સાધારણ પોષાકમાં હતા પરંતુ ત્યારે પણ ત્યાંના પૂજારીઓ સમજ્યા કે તે કોઈ રાજા આવ્યા હતા. દાદાની પ્રતિભા એવી હતી કે રાજાઓ એમને કહ્યા કરતા હતા - દાદા ભગવાને ભૂલ કરી છે, વાસ્તવમાં આપે તો રાજા થવું જોઈતું હતું. કારણ કે આપનામાં રાજાઈના બધા સંસ્કાર છે. મહારાજાઓ જેવું આપનું વ્યક્તિત્વ પણ છે બસ, કેવળ રાજ્યની ઊણપ છે. ભગવાને ભૂલ કરી છે કે અમને રાજા બનાવ્યા પણ આપને રાજ્ય ન આપ્યું. દાદાના એ સંસ્કારને કારણે પણ પરમપિતા શિવે તેમને પોતાનું માધ્યમ બનાવ્યા. પરમાત્મા પણ રાજયોગ શીખવી. રાજાઓના રાજા બનાવવા માટે અવતાર લે છે દાદાને ધનની, વૈભવની, સત્તાની જરા પણ ભૂખ ન હતી. તેઓ સંપૂર્ણ તૃપ્ત હતા. તેમનામાં રાજાના કુળને યોગ્ય સંસ્કાર હતા. એટલા માટે તે બીજાઓના સંસ્કારોને પણ એવા બનાવવામાં લાગ્યા. તે બધાં બાળકોને શિક્ષા આપતા હે બાળકો, માગવા કરતાં મરવું સારું છે. કોઈપણ વખતે કોઈની પાસે દાન માગવું નહીં. કારણકે તમે ‘દાતા’નાં સંતાનો છો અને રાજાઓના પણ રાજા બનનાર છો. દાદા સાચે જ રાજાઓ જેવા શિષ્ટાચાર, આતિથ્ય, ઉદારતા, સ્વચ્છતા વગેરે ગુણો ધારણ કરવાની શિક્ષા આપતા હતા તેઓ એવા ઉદાર મનવાળા હતા કે જો કોઈ સખાવત શીખવા માગે તો તેમની પાસેથી શીખે તેઓ એક એક આત્માના કલ્યાણ માટે હજારો રૂપિયા ખર્ચ કરવા તૈયાર રહેતા. મને યાદ છે કે એક આધ્યાત્મિક સાર્વજનિક સેવાકાર્યમાં ઠીક ઠીક ખર્ચ થયું હતું. પરંતુ તે સેવા કાર્યથી જેવી આશા રાખી હતી તેટલી સેવા ના થઈ. પરંતુ બાબાએ કહ્યું કે બાળકો! આ વિદ્યાલય નરને શ્રી નારાયણ બનાવનાર છે. બધા ઓછા નારાયણ બની જશે? કોઈ એક પણ લાલ જો માયાને જીતનાર નીકળી આવે તો પણ ઠીક છે એ ગાયન તો છે કે કોટિ કોટિ મનુષ્યોમાં કોઈ વીરલા જ આ આધ્યાત્મિક જ્ઞાનને પૂરી રીતે ધારણ કરીને આવું ઊંચુ ભાગ્ય બનાવે છે. બાબા હંમેશા રાજાના કુળને યોગ્ય એવી રીતે સેવા કરવાનો આદેશ આપતા હતા. પણ તેમને ગરીબ જીવનનો પણ અનુભવ હતો. માટે તેમને ગરીબો પ્રત્યે વિશેષ સહાનુભૂતિ હતી. તેઓ કહ્યા કરતા હતા કે પરમાત્મા ગરીબ-નવાઝ (ગરીબોના બેલી) છે. તેથી પરમાત્માએ એમને તે કાર્ય માટે નિમિત્ત બનાવ્યા. કારણકે તેમને ગરીબ જીવનથી માંડી રાજાઈ જીવન સુધીનો અનુભવ હતો. તેઓ એટલા માટે બધાને જાણતા હોવા છતાં તેમને જ્ઞાનનો લાભ આપવાની યુક્તિ જાણતા.

દાદાની શારીરિક આકૃતિનો પ્રભાવ

પરમપિતા પરમાત્માની પ્રવેશતા માટે ન કેવળ એક સારા સ્વભાવવાળી વ્યક્તિનું શરીર જોઈએ. પરંતુ તે શરીર પણ એવું હોવું જોઈએ કે જે સાધારણ હોવા છતાં દિવ્ય જેવું હોય. બાબાનું શરીર એવું જ હતું.

એમનો વર્ણ ગૌર હતો અને ચહેરો વિશેષ પ્રકારનો હતો. તેમનું કદ ઠીક ઊંચું હતું. શરીર સપ્રમાણ હતું. મુખમંડળ દિવ્યતેજથી ચમકતું હતું. તેમની આંખોમાં વિશેષ રીતે એવું લાગતું હતું કે જેવી રીતે તેમનામાં આખા જગત માટે સ્નેહ અને દયાની ભાવના ઝળકતી હતી અને તેમના હાથ વીરપુરુષોની જેમ લાંબા હતા. તેઓ તેમના સાહસ

અને સહનશક્તિના પ્રતીક હતા અને આખા જગતને પોતાનામાં સમાવી લેવાની ક્ષમતાના સૂચક હતા. તેમનું હૃદય પ્રેમ અને કરુણાથી ભરપૂર હતું. તેમનું વ્યક્તિત્વ એવું હતું કે જો તેમની સામે કોઈ તેમના જેટલી ઉંમરવાળી અથવા તેમનાથી અધિક વૃધ્ધ વ્યક્તિ પણ આવીને બેસી જાય તો તેને પણ એમ લાગતું હતું કે દાદા તેના પિતા છે. તેમનું શરીર એવું વિચિત્ર હતું કે તેઓ એક અદ્વિતીય ધર્મ સ્થાપક, એક યોગી, એક ફરિશ્તા અને એક કમાન્ડર માલૂમ પડતા હતા.

મને યાદ છે કે દિલ્હીમાં એક વખતે બાબા એક મેજરને ત્યાં ઊતર્યા હતા. ત્યારે તે મેજર એમને કહ્યા કરતા હતા 'બાબા! આપે તો કમાન્ડર બનવું જોઈતું હતું. વિના યુનિફોર્મ પણ આપનું વ્યક્તિત્વ એવું દેખાય આવે છે કે આ લશ્કરી માણસોમાં વિશ્વાસ, સાહસ અપૂર્વ વીરતા, શિસ્ત અને કુરબાનીનો રૂઆબ પેદા કરનાર છો. આપ બધાના મનને એ રીતે જીતી લો છો, એવો કોઈ કમાન્ડર હોય તો બધા જ લશ્કરી માણસો એના એક શબ્દ પર તે ક્ષણે જ જાન આપવા માટે તૈયાર થઈ જાય. આપનામાં માણસોની પરખ અચૂક છે અને મનુષ્યને પોતાનો બનાવી લેવાની શક્તિ પણ અજબ છે.' બાબાનું એ વ્યક્તિત્વ એટલું ઉપયોગ હતું કે તેનાથી પ્રભાવિત થઈ લોકો જલદી મનોવિકારોની કુરબાની કરવાની વાત માની જતા હતા અને તેમને રુહાની કમાન્ડર શિવના માધ્યમ સમજીને તેમની આજ્ઞા પર કુરબાન થતા હતા. પરમપિતા પરમાત્માનું અવતરણ તો માયા સાથે યુધ્ધ કરવાની શિક્ષા આપવા માટે મનોવિકારો પર વિજય પ્રાપ્ત કરવાની વિદ્યા શીખવવા માટે જ્ઞાન અને યોગનાં અસ્ત્ર-શસ્ત્રથી સુસજ્જ કરી રુહાની સેના અથવા શક્તિદળ ખડુ કરવા માટે હોય છે. તેથી એવા રુહાની કમાન્ડર જેવા વ્યક્તિત્વવાળા માનવના શરીરમાં પરમાત્માનું અવતરણ થાય એ સ્વાભાવિક છે.

બાણું વર્ષની ઉંમરે પણ તેઓ સીધા ટટ્ટાર ઊભા રહેતા હતા અને કલાકો સુધી એક જ પલાંઠી પર બિલકુલ સીધા બેસતા હતા. કોઈ યુવાન માટે પણ એમ બેસવું મુશ્કેલ હતું. મને યાદ છે કે એક વખતે ધાર્મિક અને રાજનૈતિક ક્ષેત્રમાં પ્રખ્યાત અને તે સમયના રાજસ્થાનના કેળવણી પ્રધાન હરિભાઈ ઉપાધ્યાય બાબાને મળ્યા હતા. એ તો બાબાના વ્યક્તિત્વથી અને સીધી બેઠકથી બહુ જ પ્રભાવિત થયા હતા. બાબાના ચહેરા પરનું દિવ્ય તેજ તથા તેમની સીધી બેઠકને જોઈને તેમના મનમાં એ દૃઢ ધારણા થઈ ગઈ કે બાબા એક શ્રેષ્ઠાચારી વ્યક્તિ છે. તેવી જ રીતે એક વ્યક્તિ જે તેમની પત્નીને ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં આવવાની મનાઈ કરતા હતા તે એક વખતે ખબર કરવા માટે દિલ્હીમાં બાબા સત્સંગમાં આવ્યા હતા. જ્ઞાન સાંભળ્યા અગાઉ પહેલી વાર જ બાબાને જોતાં જ તેમના પર એવો પ્રભાવ પડ્યો કે તેમના બધા વિચારો બદલાઈ ગયા. તેઓ બોલ્યા કે જો મને પહેલાં બાબાનાં દર્શન થયાં હોત તો મેં વિરોધ કરવાનું પાપ જ ના કર્યું હોત. કમાલની વાત તો એ છે કે બાબાના સ્વાસ્થ્યમાં પરિવર્તન થતું ન હતું. કાળનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. તેમના લૌકિક સંબંધીઓ તેમને વર્ષો પછી મળતાં કહેતા - દાદા તો અગાઉ હતા તેવા જ છે.

સાઈઠ વર્ષ પછી લોકો ઘણું કરીને આરામ કરવાનું પસંદ કરે છે. કેડે વાંકા વળી જાય છે. અગાઉની જેમ આંખો કામ કરતી નથી અને ઘણું કરીને ચશ્માનો ઉપયોગ કરે છે. તેમની ચાલ ધીમી પડે છે અને તેઓ લાકડીનો આશરો લઈને ચાલે છે. પરંતુ બધાને એ જોઈ આશ્ચર્ય થતું કે 85 વર્ષથી

પણ વધારે ઉંમરે બાબા જ્યારે બધા વત્સોને આબુની પહાડી ઉપર ફરવા લઈ જતા. તેઓ એવી સ્ફૂર્તિથી ચાલતા હતા કે ભલભલા યુવાનો પણ પાછળ રહી જતા અને હાંફી જતા તેઓ એટલી સ્ફૂર્તિથી ચાલતા અને ચઢતા કે કોઈ અંદાજ લગાવી શકતું ન હતું કે દાદા એટલા વૃધ્ધ છે.

અદમ્ય સેવાભાવ અને નિત્યદાન વૃત્તિ

દાદા શરૂઆત જ થી જ દાની સ્વભાવના હતા. શિવ પરમાત્માની પ્રવેશતા અગાઉ પણ તેઓ તેમના કાકાની હાટડી - દુકાન પર બેસીને પૂરા દિલથી દાન કરતા હતા. પરમાત્મા પણ ‘દાતા’ તો છે જ. તેથી તેમને માટે એવું જ માધ્યમ ઉપયોગી હતું. દાદાને જ્યારે પરમપિતા પરમાત્માના સાક્ષાત્કાર થયા તો તેમણે સૌથી પહેલાં તેમના મનોવિકારોને તરત જ પરમાત્માને દાનમાં આપી દીધા. ભક્તિકાળમાં તેમને એક કહેવત હતી કે ‘દે દાન તો છૂટે ગ્રહણ’ હવે તેમણે જ્ઞાન-માર્ગમાં એનો ખૂબ પ્રયોગ કર્યો. એક તો તેમણે ભગવાનને મનોવિકારોનું દાન આપી દીધું અને બીજું તેઓ હંમેશા જ્ઞાન રત્નોના દાનમાં તલ્લીન રહેતા હતા. તેઓ કહેતા હતા કે, પરમાત્મા મહાદાની છે આપણે પણ તેમના બાળક છીએ. માટે આપણે પણ આત્માઓને જ્ઞાનદાન તથા યોગદાન કરો. તેમનું કલ્યાણ કરવાની સર્વોત્તમ સમાજસેવા કરવી જોઈએ. તેઓ કહેતા બાપ સદાને માટે બાળકોના ‘સેવક’ હોય છે. તે ધન કમાઈ, સંપત્તિ કમાઈ, સંપત્તિ એકઠી કરી બધું બાળકોને આપી દે છે. એ રીતે આ બાપ પણ બાળકોના રુહાની સેવક છે. જુઓ ! બાબા કેટલા નિરહંકારી હતા. ઈશ્વરીય સેવાકાર્યમાં એવું જ માધ્યમ જોઈતું હતું કારણકે સૃષ્ટિના મનુષ્ય આત્માઓને સંદેશ આપવા માટે કોઈ આળસુ, ડરપોક માણસથી કામ ન થઈ શકે પરંતુ એવું માધ્યમ જરૂરી હતું કે બીજાઓમાં ઉત્સાહ, ઉમંગ, સ્ફૂર્તિ અને સેવાભાવ પેદા કરે. અહા! બાબા સંપર્કમાં લોકો આવ્યા. તેઓ એ જોઈને શરમાતા હતા. કે નેવું - બાણું વર્ષનું આયુષ્ય અને તે આટલા અથક. તેમનામાં આટલી સ્ફૂર્તિ આટલો ઉત્સાહ! તેમના ચહેરાને જોઈને બધાને પ્રેરણા મળતી હતી. તેઓ વહેલી સવારે બે અથવા ત્રણ વાગ્યાથી રાત્રે અગિયાર વાગ્યા સુધી મનુષ્ય આત્માઓને ઈશ્વરીય સંદેશ આપવાના કાર્યમાં તીવ્રતા લાવવા માટે રચ્યાપચ્યા રહેતા હતા. તેઓ પ્રજાપિતા બ્રહ્મા હતા. તેમને નવી સતયુગી સૃષ્ટિ રચવી હતી.

સેવા, સેવા, સેવા બસ તેમને સેવાની જ ધૂન લાગી રહેતી હતી તેઓ કહેતા હતા કે સેવાકાર્ય માટે ‘ના’ પાડનાર નાસ્તિક છે. તેઓ બધાને એ પણ કહેતા હતા કે આધ્યાત્મિક સંગ્રહાલય ખોલો દિવસ દરમિયાન સ્થળે સ્થળે પરમાત્માનો પરિચય આપો અને ભારત તથા વિશ્વને પાવન બનાવવાની સેવા માટે પોતાનાં તન, મન, ધન પણ આપી દો. તેમણે પોતાનું સર્વસ્વ એ સેવા માટે અર્પણ કર્યું હતું. તેઓ કહેતા હતા કે યજ્ઞમાં દધીચિ ઋષિની જેમ પોતાનાં અસ્થિ (હાડકાં) પણ આપી દેવાં જોઈએ. સંપૂર્ણ રીતે અવ્યક્ત થયા પછી જ્યાં તેમના વ્યક્ત શરીરે અગ્નિમાં ભળીને સર્વ તત્ત્વોને પાવન કરવાની સેવા કરી ત્યાં જ આજે તેમના અસ્થિ પર સ્તંભ બનાવવામાં આવ્યો છે ત્યાં તેમનાં અસ્થિ પણ ખરેખર ફૂલ બની ગયાં હતાં. અર્થાત્ સર્વને દિવ્યગુણરૂપી અવિનાશી સુવાસ આપી રહ્યાં છે. તેના પર જે સ્તંભ, શક્તિ સ્તંભ, જ્ઞાન સ્તંભ અને પવિત્રતાના સ્તંભ તેવું જ તેમનું કાર્ય પણ છે. ‘બ્રહ્માબાબા’ દ્વારા

'શિવબાબા' એ જે અણમોલ શિક્ષાઓ આપી તે તેના પર અંકિત છે. તે ખરેખર બધાને પવિત્રતા, શક્તિ અને શાંતિ આપનારી છે.

જેવી રીતે આખ્યાન છે કે દધીચિ ઋષિનાં અસ્થિમાંથી શસ્ત્ર બનાવી અસુરો પર વિજય પ્રાપ્ત કરવામાં આવ્યો. તેવી જ રીતે આ દધીચિનાં અસ્થિ પણ જ્ઞાન રૂપ, પવિત્રતા રૂપ અને શક્તિરૂપ અવિનાશી શસ્ત્રોને આપનાર તથા મનોવિકારો રૂપી અસુરો પર વિજય અપાવનાર છે. સ્તંભ ઉપર 'શિવ' પરમાત્મા પ્રકાશમાન છે અને નીચે સ્તંભ તેવો જ શ્વેત છે. જેવા બ્રહ્માબાબા શ્વેતવસ્ત્રધારી હતા અને મનના પણ ઊજળા તથા ગૌરવર્ણના, શ્વેત કેશવાળા, એકદમ શ્વેત ફરિશ્તા જેવા હતા જ્યારે તેઓ સાકારરૂપમાં હતા તો પણ અથક સેવા કરતા હતા. હવે તો અવ્યક્ત બની તેઓ નિદ્રા, પાર્થિવદેહ તથા ભાવબંધનથી મુક્ત થઈ નિરંતર સેવામાં લાગ્યા છે. શું એમનાથી સારું બીજું કોઈપણ માધ્યમ શિવ પરમાત્મા માટે યોગ્ય હતું?

બાબાની ત્યાગવૃત્તિ ઘણી ઊંચી હતી. તેઓ સાધારણ વસ્ત્રો પહેરતા હતા. નવું ભવન તૈયાર થવા છતાં સ્વયં જૂના ઓરડામાં રહેતા હતા. અને ત્યાં આવનારની સંખ્યા વધી જતાં તેઓ કહેતા હતા આ ઓરડામાં આવી રહો. મને યાદ છે કે એકવાર માઉન્ટ આબુમાં કેટલીક બ્રહ્માકુમારી બહેનોએ પ્રવચન કર્યું હતું. તેના પરિણામે કેટલાક જિજ્ઞાસુઓ ત્યાં ઈશ્વરીય જ્ઞાનના સ્પષ્ટીકરણ માટે આવતા હતા. એજ સમયે આવીને એકઠા થઈ જતા હતા. એક દિવસે તેમને સમજાવવા માટે જગ્યા ન રહી. બાબાને જ્યારે તેની ખબર પડી તો તેઓ તેમનો ઓરડો છોડીને કોઈ બીજી જગ્યાએ જઈને બેઠા. અમે લોકોએ બહુ વિનંતી કરી. પરંતુ તેમણે માન્યુ નહીં. તેઓ બોલ્યા સેવા પહેલાં અર્થાત્ પહેલાં સેવાકાર્યને મહત્ત્વ આપવું જોઈએ.

અસંભવને સંભવ કરનાર દાદા

બાબાનો એ વિશેષ ગુણ હતો કે તેઓ કોઈપણ કાર્યને અસંભવ માનતા ન હતા. છેલ્લી ઘડી સુધી તેઓ પુરુષાર્થ કરતા અને કરાવતા રહેતા હતા. તેઓ કોઈપણ વખતે હિંમત હારતા ન હતા. નિરાશ થતા ન હતા. નિષ્ફળતા સામે આવવા છતાં ઉદાસ પણ થતા ન હતા. આ ગુણ કોઈ સાધારણ ગુણ નથી. આખી સૃષ્ટિને પલટાવવાના કાર્યમાં સર્વશક્તિમાન પરમાત્માને એવું જ કોઈ ચેતન સાધન ઉપયોગી હતું. હિંમત કરનારને જ ઈશ્વર મદદ કરે છે. તેથી એવી જ સાહસિક, મહાવીર, માયાને પડકાર દેનાર, વિઘ્નોને ખેલકૂદ સમજનાર અસાધારણ વ્યક્તિના તનમાં શિવબાબાએ પ્રવેશ કર્યો.

તેમની એ વિશેષતા હતી કે જે બાળકો તેમની પાસેથી શિક્ષા લેતા હતા તેમાં કોઈનાથી પણ નિરાશ થતા ન હતા. તેઓ વારંવાર એમને આગળ ધપાવવા માટે પૂરો પ્રયત્ન કરતા હતા. તેમના પાકા કુસંસ્કાર અથવા તેમની બુરાઈઓને જોઈને તેઓ તે અસંભવ માનતા હતા. પરંતુ તેમના પર મધુર દૃષ્ટિ રાખી જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરતા હતા. આત્માઓને પતિતમાંથી પાવન બનાવવાના કાર્યમાં એવી જ અલૌકિક વ્યક્તિ જરૂરી હતી.

બાબા ઈર્ષા રહિત બની બધાને આગળ વધારતા હતા. તેઓ ઘણું કરીને કહ્યા કરતા કે 'બાળકો મારાથી પણ આગળ છે.' જો કોઈ નરનારીએ લગન કર્યા પછી બ્રહ્મચર્યનું પાલન કર્યું હોય તો તેઓ કહેતા કે જુઓ, તેઓ સાથે રહેવા છતાં પણ તેઓ પવિત્ર રહે છે. તેઓ બાબાથી પણ આગળ છે. કારણ કે બાબા તો પહેલા 'સીડી' ઊતર્યા હતા. પરંતુ તેઓ તો સીડી ઊતર્યા નથી. કોઈ કુમારી ભાષણ કરવા અથવા

બીજાને સમજાવવાની સેવા કરતી હોય તો બાબા કહેતા કે, એ મારાથી સર્વીસમાં આગળ છે કારણકે તેને જનતામાં મોટી સભામાં બોલવાનો તથા અનેક પ્રકારના માણસોને સમજાવવાનો અભ્યાસ છે. એવી રીતે બીજાને આગળ વધવાની હિંમત આપતા રહેતા હતા.

એ વાત ફરીથી કહેવાનું દિલ થાય છે કે આખી દુનિયાના કલ્યાણનો સંકલ્પ રહેતો હતો. એટલે સુધી કે સત્સંગમાં આવનાર જે કન્યાઓ, માતાઓને તેમના સંબંધીઓએ ઘણી જ નિર્દયતાથી ઘર બહાર કાઢી મૂકી હતી. તેમના કલ્યાણ માટે પણ તેમણે કન્યાઓ-માતાઓને મોકલી અને આદેશ આપ્યો કે જઈને તેમને પણ જ્ઞાન આપો. અને જીવનનું લક્ષ્ય સમજાવો. અન્ય મત ધરાવનારને કઈ રીતે પરમપિતા પરમાત્માનો સત્ય પરિચય આપવામાં આવે અને તેમને પણ પવિત્ર બનાવવામાં આવે, તે માટે પણ તેઓ વિચાર કરતા અને તે બધાને સમજાવવાની યુક્તિઓ અમને શીખવાડતા હતા જે કોઈ વત્સો જ્ઞાન લેતા હતા જે બધા માટે હંમેશા એ વિચાર કરતા કે એ ઊંચુ જ પ્રાપ્ત કરે. અર્થાત્ સતયુગી સૃષ્ટિમાં વિશ્વ મહારાજન્ અથવા વિશ્વ મહારાણી પદ પ્રાપ્ત કરે. કોઈ વત્સ કોઈ બૂરા સંસ્કારને કારણે પાછળ રહી જાય તે માટે તેઓ અનેક પ્રયત્નો કરતા હતા અને યુક્તિઓ પણ રચતા હતા.

બાબાનો દરેક ગુણ પ્રેરણાદાયક હતો. વિશેષ વાત તે છે કે ક્યારેય પણ કોઈ અવગુણ જોતા તો તે મનમાં રાખી તે વ્યક્તિ તરફની પોતાની દૃષ્ટિ બદલતા ન હતા. તેઓ તેના પ્રત્યે ઘૃણા દર્શાવતા ન હતા. પરંતુ તેના તરફ શુભચિંતક બની હંમેશા તેને ઊંચે લઈ જતા હતા. દરેક વ્યક્તિગત ધ્યાન આપવા છતાં અને સર્વના સ્નેહી છતાં તેઓ ઉપરામ રહેતા હતા. યજ્ઞ પર કેટલાંયે વિઘ્નો આવ્યા પરંતુ તેઓ કોઈ વખતે ગભરાયા નહીં. ચિંતાતુર ન રહ્યા તેમની ઉચ્ચ ધારણાઓને છોડી નહીં. એ રીતના પોતાના શ્રેષ્ઠ જીવનથી તથા દરેકની સાથે તથા વ્યક્તિગત મહેનતથી તેમણે એટલી સંખ્યામાં બ્રહ્માકુમારીઓ તથા બ્રહ્માકુમારોને તૈયાર કર્યા. આજે તેઓ બ્રહ્મચર્યવ્રતનું તથા અન્ય નિયમોનું પાલન કરવા છતાં સમસ્ત જીવનને લોકસેવામાં અર્પી લોકોના કલ્યાણના કાર્યમાં જોડાઈ ગયાં. 18 જાન્યુઆરી, 1969ના દિવસે બાબા અવ્યક્ત અવસ્થાને પામ્યા.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 26નું અનુસંધાન)... આંતરિક સૌંદર્ય

સાથે-સાથે પરમાત્મા પિતાને ઓળખી શકીએ છે. એની સાથે સંબંધો જોડીને યાદ કરવા એજ 'રાજયોગ' છે. યોગ અને વિયોગ વિરોધાર્થી શબ્દ છે. વિયોગનો અર્થ થાય છે અલગ થવું, વિખૂટા પડવું, જુદા થવું, તેનો વિરોધાર્થી શબ્દ યોગ એટલે કે મિલન, યાદ, સંબંધ, જોડાણ. અત્યાર સુધી આપણે વસ્ત્ર, વ્યક્તિ, વૈભવ સાથે યોગ કરતા આવ્યા પણ તે વિનાશી છે. જ્યારે આત્મા અને પરમાત્મા અવિનાશી છે. અહીંયા આત્મા અને પરમાત્માનું જોડાણ એ જ 'રાજયોગ' છે. જે રાજયોગ દ્વારા મનને શાંતિ મળે છે. સાથે કંટ્રોલીંગ પાવર વધે છે. એકાગ્રતાની શક્તિ વધે છે. સાથે-સાથે આત્મા દિવ્યગુણોથી ભરપૂર થઇ જાય છે. જેવા કે, મધુરતા, નમ્રતા, હર્ષિતમુખતા, સંતુષ્ટતા વગેરે વગેરે. દિવ્ય ગુણોથી આત્માનું આંતરિક સૌંદર્ય વધે છે. એ આંતરિક સૌંદર્ય વધારવા માટે નજીકના બ્યુટી પાર્લર 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય'માં જશો, એવી મારી શુભકામના છે.

॥ ઓમશાંતિ ॥

દિવ્યદર્શન

માનવ સેવામાં જીવન સમર્પિત કરનાર - પિતાશ્રી બ્રહ્માબાબા

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

અમર કહાની બ્રહ્મા કી, સ્વર્ણિમ દુનિયા લાયેગી,
ઉનકી ત્યાગ, તપસ્યા, સેવા, શિવ કી ઝલક
દિખાયેગી.

વિશ્વમાં એવા લોકો મહાન અને માર્ગદર્શક બને છે કે, જેઓ પોતાનું જીવન સ્વયં માટે જ નહિ, પરંતુ સમગ્ર માનવ જાતની સેવા માટે સમર્પિત કરે છે. સ્વયં માટે તો પ્રત્યેક માનવ જીવે છે પરંતુ અન્ય માટે જીવી જનાર હોય તે જ મહાપુરુષ કહેવાય.

જ્યારે આ સૃષ્ટિ પર માનવતાની ભાવના નાશ પામી રહી હતી. અજ્ઞાન અંધકાર વધતો જવા લાગ્યો, ત્યારે તેને દૂર કરવા માટે એક ક્રાન્તિની જરૂરિયાત ઉભી થવા લાગી હતી કે જે દ્વારા માનવમાં એકતા, કરુણા અને ગુણવાન સમાજની સ્થાપના થઈ શકે. આવી મહત્ત્વની ક્ષણે એક નૂતન યુગની સ્થાપના માટે એક મહાન વિભૂતિ પિતાશ્રી બ્રહ્માબાબાનો જન્મ થયો અને આધ્યાત્મિક ક્રાંતિનું બીજા રોપણ થયું.

આ મહાન વિભૂતિનો જન્મ ઈ.સ. 1876 (તા. 15-12-1876)ના રોજ એક આદર્શ અને સભ્યતા ભર્યા પરિવારમાં થયો. તેમનું બાળપણનું નામ લેખરાજ હતું. પરંતુ બાળપણથી જ તેઓનું જીવન ખૂબ જ ધર્મ પરાયણ હતું તેમજ એક કુશળ તથા પ્રભાવશાલી વ્યક્તિત્વ હોવાથી બધા તેઓને પ્રેમથી દાદા કહી સંબોધતા. તેમની પરોપકારી વૃત્તિને કારણે બીજાના દુઃખને તે પોતાનું દુઃખ સમજતા હતા. બાળપણમાં જ તેમના માતૃશ્રી મૃત્યુને શરણ થયાં, આથી દાદા રોજ પ્રત્યેક માનવ આત્માઓના દુઃખ અને પીડાની મુક્તિ માટે પરમાત્માનું ધ્યાન ધરતાં હતાં, આ દાદા લેખરાજે હીરા-ઝવેરાતનો ધંધો શરૂ કર્યો અને જોતજોતામાં તેમનો આ ધંધો વિશ્વમાં પ્રસિદ્ધ બન્યો. મધુર અને નિખાલસ વ્યવહારના લીધે તેઓને અનેક મહાન વ્યક્તિઓ તેમજ રાજા-મહારાજાઓના હૃદયમાં તેમનું સન્માનભર્યું સ્થાન હતું. કેટલીકવાર તે રાજા-મહારાજાઓ એવું અનુભવતા એટલે પિતાશ્રીને કહેતા કે, દાદા આપ આ રાજ્યના રાજા હોય તેવી સર્વ યોગ્યતાઓ ધરાવો છો. પરંતુ પિતાશ્રી આવી પ્રશંસાઓ કે મહિમાથી પ્રભાવિત થતાં ન હતાં. તેઓ એક એવી દુનિયાની સ્થાપના થાય તેમ ઈચ્છતા હતાં કે જ્યાં દુઃખ-દરિદ્રતાનું કોઈ નામ-નિશાન જ ન હોય. બ્રહ્માબાબાએ તેમના જીવનકાળમાં 12 જેટલાં ગુરુઓ કર્યાં હતાં. પરંતુ આ બધા ગુરુમાંથી કોઈ તેમને સત્ય પરમાત્માની પ્રાપ્તિનો માર્ગ ન બતાવી શક્યાં.

બરોબર 60 વર્ષની વૃધ્ધાવસ્થાની વયે દાદા લેખરાજના જીવનમાં એક મહાન પરિવર્તન આવ્યું. જ્યારે તેઓ પોતાના મિત્રને ત્યાં વારાણસી ગયા હતાં ત્યારે એક દિવસ તેમને આ દુઃખી કળિયુગનો મહાવિનાશ તેમજ નવી સુખદાયી સતયુગી દુનિયાની સ્થાપના કેવી રીતે થશે? તેનો દિવ્ય સાક્ષાત્કાર થયો. તે સમયે તેમને પોતાના શરીરમાં કોઈ એક ઈશ્વરીય શક્તિની હાજરીનો અનુભવ થયો. આ ઈશ્વરીય શક્તિએ તેઓને આદિ-અનાદિ કાળના સ્મરણો સંભળાવ્યાં તથા એવું કહેવા માંડ્યું કે, હવે આવી નવી સ્વર્ણિમ સતયુગી દુનિયાની સ્થાપના કરવાનું મહાન કાર્ય કરવાનું છે, પરંતુ તે સમયે તો દાદાના મનમાં

આવી કોઈ વાતની સમજણ ન પડી. તે સમયે તેઓ એવું સમજ્યા કે આ બધી ગુરુની કૃપા છે માટે તેઓ આ બાબતના વધુ સ્પષ્ટીકરણ માટે પોતાના ગુરુઓ પાસે ગયાં. પરંતુ દરેક ગુરુ સમજી ગયાં કે, આ કોઈ ઈશ્વરીય શક્તિનું જ કામ છે. સમયાંતરે આ ઈશ્વરીય શક્તિ એ તેમના સર્વ પ્રશ્નોનું નિરાકરણ કરી સમજાવ્યું કે આ સાક્ષાત્કાર કરાવનાર 'હું સર્વ આત્માઓના કલ્યાણકારી પિતા શિવ પરમાત્મા સ્વયં છું.'

આ કાર્ય માટે પરમાત્માએ તેમને દાદા લેખરાજમાંથી ઉપનામ આપી પ્રજાપિતા બ્રહ્મા નામ આપ્યું અને માતાઓ તથા બહેનોને ઈશ્વરીય શક્તિસ્વરૂપમાં મોખરે રાખવાનો આદેશ આપ્યો. પરમાત્મ જ્ઞાનને અનુસરી દાદા લેખરાજે નારીઓને સમાજના ક્ષણિક લોભામણા સુખ-વૈભવોથી દૂર રહી સ્વયંની શક્તિઓને ઓળખવાનું સાચું માર્ગદર્શન આપ્યું. ભૌતિક શિક્ષણથી પણ ઉચ્ચ આધ્યાત્મિક શિક્ષણ એટલે રાજયોગનું શિક્ષણ આપ્યું. તેમજ દરેક ધર્મોને ન્યાય આપી નારીઓને ધર્મ-આધ્યાત્મ, સત્ય અને તપસ્યાના વિષયોની સમજ આપી આસુરી શક્તિઓને દૂર કરી દૈવી શક્તિઓને ધારણ કરવા પ્રેરણાઓ આપી. અહીંથી સ્વપરિવર્તનથી વિશ્વ પરિવર્તનનું મહાન કાર્યનો શુભારંભ થયો. રાજયોગને એક ધાર્મિક, આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક ઢબે સમજાવી દાદાએ સર્વ મનુષ્યાત્માઓ માટે તેને પ્રાપ્ય બનાવ્યો.

દાદા લેખરાજે હીરા-ઝવેરાતના વેપારને છોડી માનવ આત્માઓમાં છૂપાયેલાં સાચા હીરા અને તેના સદ્‌ગુણોને જાગૃત કરવાનું કાર્ય માટે ધન-સમ્પતિ સહિત પોતાનું સર્વસ્વ આ ઈશ્વરીય કાર્ય માટે અર્પણ કરી દીધું.

આ સંસ્થાની સ્થાપના હૈદ્રાબાદ (સિંધ, જે હાલ પાકિસ્તાનમાં આવેલું છે ત્યાં ઓમ મંડળીના રૂપે કરી ત્યારે દાદા લેખરાજને અનેક સામાજીક મુશ્કેલીઓનો સામો કરવો પડેલો, તેમને અનેક પ્રકારના લાંછન, શંકા-કુશંકાની નજરે જોયા પરંતુ અંતે સત્યનો વિજય થયો. મહાત્મા ગાંધીએ પણ કહ્યું છે કે - પાપથી ડરો, પાપીથી નહીં.

પરોપકારની રાહે ચાલી દાદા લેખરાજે અપકારી લોકો ઉપર પણ ઉપકાર કરી તેમને પણ આ કાર્યમાં સહયોગી બનાવ્યાં. જ્યારે ભારત-પાકિસ્તાનનું વિભાજન થયું તે સમયે ઈશ્વરીય શક્તિના આદેશને અનુસરી બ્રહ્માબાબાએ જ્યાં દેલવાડા મંદિર અને નખી તળાવનું શ્રેષ્ઠ સાનિધ્ય છે અને ઋષિમુનિઓની તપસ્યા ભૂમિ માઉન્ટ આબુ તરફ સંઘ સાથે પ્રયાણ કર્યું અને આ મહાયજ્ઞનું નામ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય આપવામાં આવ્યું. બ્રહ્માબાબાની મૂળ તપસ્યા કરેલી ભૂમિનું નામ 'પાંડવભવન' રાખવામાં આવેલ છે. પિતાશ્રી બાબાએ પોતાનું સમગ્ર જીવન ઈશ્વરીય સેવાઓમાં જ વિતાવ્યું. તેઓ એક આત્મિક ડોક્ટરની જેમ સહાયક બની અનેક નિરાશામય જીવન જીવતા મનુષ્યોને દૈવી ગુણોથી નવું જીવન બક્ષ્યું.

કાળક્રમે ધીરે-ધીરે સંગઠન મોટું થવા લાગ્યું. બાબાનો એકજ ઉદ્દેશ્ય હતો કે, મારે એક એવી દુનિયાનું નિર્મમ કરવાનું છે કે, જ્યાં દુ:ખ-દરિદ્રતાનું નામ નિશાન ન હોય. તેમ માટે તેઓએ બાહ્ય પ્રકૃતિ અને પર્યાવરણને લક્ષ્યમાં રાખી સ્વયંને સતોપ્રધાન બનાવવાના પુરુષાર્થમાં લાગી ગયાં. સફેદ વસ્ત્રો આ સંગઠનના સભ્યોનો મુખ્ય ગણવેશ બન્યો. આ સંસ્થાએ સફેદ પરિધાનમાં સજ્જ બાલબ્રહ્મચારી બહેનોને નિમિત્ત રાખી. તેઓને ભારતમાતા નામથી સંબોધન કરી

(અનુસંધાન પેજ નં. 25 પર)

એક બળ એક ભરોસો શિવબાબા

બ્ર.કુ. નીતા, બોટાદ, ભાવનગર સબ ઝોન, ગુજરાત

મારા શરીરનું નામ બી.કે. નીતાબેન ધનજીભાઈ લકુમ છે અને વર્ષ 2006થી બાબાનું જ્ઞાન મળેલ છે. મારા યુગલ દ્વારા જ મને બાબાનો પરિચય મળેલ. અમે સંયુક્ત પરિવારમાં દિયર-દેરાણી તેમનાં બે બાળકો સાથે રહીએ છીએ. બાબાનો પરિચય મળ્યા પછી બાબાના સાથનો અનુભવથી બાબા પર નિશ્ચય ધીરે ધીરે વધી ગયો. પરંતુ બાબા કહે છે ને કે ડ્રામાનો પાઠ પાકો હોવો જોઈએ તો ડ્રામાનુસાર મને વર્ષ 2015માં કમરની તકલીફ થઈ ત્યારે ડોક્ટરે કહ્યું કે તમને ગમે ત્યારે સર્જરી કરવી પડશે. બધા મને કહેતા કે કમરનું ઓપરેશન ક્યારેય ના કરાય કારણ કે તમે અત્યારે આટલુ ચાલી કામ કરી શકો છો એ પણ બંધ થઈ જશે. આથી કમરના દુઃખાવાની દવા ચાલુ હતી પરંતુ વર્ષ 2018માં મારા જીવનમાં અચાનક એવું પેપર આવ્યું કે હું પણ ગભરાઈ ગઈ. મારા પરિવારમાં મારા દિયરનો દિકરો એટલે કે સંયુક્ત પરિવાર હોવાથી દિકરાની જેમ પાલન-પોષણ કરેલ હોવાથી મારા લૌકિક દિકરાનાં લગ્નને સાત દિવસ બાકી હતા અને હું એકદમ પથારીવશ થઈ ગઈ. બેડ પરથી હલી પણ ના શકું. એકબાજુ ઘરે દિકરાના લગનની તૈયારીઓ અને અમે યુગલ સાથે અમદાવાદ ડો. ભરત દવે જે ઓર્થોપેડિક સ્પાઈન સર્જરીનાં સ્પેશ્યિાલીસ્ટ છે ત્યાં ગયા તો તેમણે તપાસ કરીને કહ્યું કે તમારે તાત્કાલિક ઓપરેશન કરાવવું પડશે કારણ કે કમરમાં ગાદી ખસીને ક્રેક થઈ ગઈ છે. મેં બાબાને કહ્યું બાબા મારા જીવનમાં કેવી પરીક્ષા આવી એક બાજુ દિકરાનાં લગનનાં 5 દિવસ બાકી અને બીજી બાજુ ઓપરેશનની તૈયારી. ઓપરેશનનાં આગલા દિવસે મેં આદરણીય સુરજભાઈનો ક્લાસ સાંભળ્યો તો તે ક્લાસમાં સુરજભાઈએ કહ્યું હતું કે ગમે તેવી પરિસ્થિતિમાં કે બિમારીમાં સુપ્રિમ સર્જન તમારી સાથે છે. બસ એ જ નિશ્ચયથી મારું ઓપરેશન સફળ રહ્યું અને આજે મને એકદમ સારું છે. બાબા કહે છે ને કે આ અંતિમ જન્મમાં હિસાબ-કિતાબ ચૂક્તું કરીને જવાનું છે તો વર્ષ 2020માં મારા જીવનમાં ફરીથી એવું મોટું પેપર આવ્યું. એ પણ એવા સમયે કે જ્યારે સમગ્ર વિશ્વમાં કોરોનાનો મહાકહેર હતો. એવા સમયે મારા શરીરમાં ગર્ભાશયનું કેન્સર આવ્યું. આ બિમારી સાંભળતા માણસનાં રૂવાડા ઉભા થઈ જાય એટલે સ્વાભાવિક હું પણ ગભરાઈ ગઈ અને રોવા લાગી પણ મારા યુગલનો અને મારા લૌકિક પરિવારનો ખૂબ જ સાથ અને સહકાર મળ્યો. મારા યુગલે મને કહ્યું કે બાબા આપણી સાથે છે ચિંતા કરવાની જરૂર નથી. અલૌકિક ઈશ્વરીય પરિવાર તરફથી પરમ આદરણીય સરલાદીદી - મહેસાણા, આદરણીય તૃપ્તિદીદી - ભાવનગર, નીતાદીદી - બોટાદ સેવાકેન્દ્રના ઈન્ચાર્જ તથા તમામ બહેનો દ્વારા વિશેષ સહયોગ મળ્યો. ચૈતન્ય દૈવીઓની શુભભાવના - શુભકામનાથી બાબા પ્રત્યેનો નિશ્ચય વધી ગયો. આમ લૌકિક - અલૌકિક પરિવારનો સાથ-સહકાર અને સુપ્રિમ સર્જન બનીને શિવબાબા મારો ઈલાજ કરી રહ્યા છે. પછી તો એક બળ, એક ભરોસો બાબા સદા છત્રછાયા બની મારી સાથે છે. મારા જીવનમાં આવી પડેલ પેપર મેં સ્વીકારી લીધું. બાબા પર નિશ્ચય આવી ગયો કે બાબાના વરદાની હાથ મારા મસ્તક ઉપર છે. મેં બાબાને કહ્યું કે, બાબા

આ તન દ્વારા તો હજી ઘણી બધી સેવા કરાવવાની છે. પછી હું અને મારા યુગલ સારવાર કરાવવા માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગયા. ત્યાં ડોક્ટરે તપાસ કરીને મારા યુગલને કહ્યું કે બેનને ગર્ભાશયનું ત્રીજા સ્ટેજ ઉપરનું કેન્સર છે એટલે તાત્કાલિક દાખલ થઈ એમને 25 રેડીએશનના શેક તેમજ 5 કીમો થેરાપી લેવી પડશે. એટલે અમે હોસ્પિટલમાં દાખલ થઈ ટ્રીટમેન્ટ લેવાનું ચાલુ કરી દીધું. તે સમયે હોસ્પિટલમાં કોવિડ વોર્ડમાંથી કોરોનામાં 10 થી 15 વ્યક્તિઓ દરરોજ શરીર છોડતા મેં મારી નજર સમક્ષ જોયું. કેન્સર વોર્ડમાં પણ 4 તી 5 દર્દી શરીર છોડે એવા વાતાવરણમાં કોઈપણ વ્યક્તિનું મન હલચલમાં આવી જાય અને ગભરાઈ જાય પણ મને અને મારા યુગલને બાબા ઉપર એટલો વિશ્વાસ કે બાબા મંને કંઈ થવા નહીં દે અને હું સંપૂર્ણ સ્વસ્થ બની જઈશ. હોસ્પિટલમાં અમે 1 મહિનો અને 10 દિવસ રોકાણ કર્યું. એવા સમયે અમે અમૃતવેળા ક્યારેય પણ મીસ નથી કર્યો. મારા પ્યારા બાબાની કમાલ તો જોવો દોઢ મહિના પછી હું સ્વસ્થ બનીને ઘરે આવી. સગાસંબંધી કહેવા લાગ્યા આ કોઈ નાનીસુની વાત નથી કે કોરોનાની વચ્ચે રહેવા છતાં પણ તમે સંપૂર્ણ સ્વસ્થ રહ્યા. 6 મહિના પછી ફરીથી તપાસ કરાવી ત્યારે ડોક્ટરે કહ્યું કે હવે તમારે કોઈ દવા લેવાની જરૂર નથી. આ મારા સુપ્રિમ સર્જન શિવબાબાની કમાલ છે. બાબાએ મને વરદાન આપી દીધું કે તું વિજયી આત્મા છું. આમ હું મારા પ્યારા શિવબાબાનો દિલથી ખૂબ ખૂબ આભાર માનું છું. મારા લૌકિક અને અલૌકિક પરિવારનો પણ ખૂબ ખૂબ આભાર . સર્વેના સાથ અને સહકારથી આ બિમારીમાંથી હું મુક્ત બની ગઈ. દિલથી ધન્યવાદ મારા બાબા.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 23નું અનુસંધાન)... દિવ્યદર્શન

વંદેમાતરમ્ના સૂત્રને સાકાર કરવા વિશ્વના ઉધ્ધાર માટે આગળ કર્યા. તેમજ બ્રહ્માબાબા પોતે એક નિમિત્ત સેવાધારી બનીને જ રહ્યાં અને સમગ્ર વિશ્વમાં આ સંગઠનનું પ્રભુત્વ સ્થપાવવા લાગ્યું.

18મી જાન્યુઆરી 1969ના રોજ ઈશ્વરીય સેવા કરતાં સ્વયંને તપ-સાધના દ્વારા પરિપક્વ બની પોતાના નશ્વર ભૌતિક દેહનો ત્યાગ કર્યો.

આજે ભલે પ્રજાપિતા બ્રહ્મા આપણી વચ્ચે સાકાર રૂપે હયાત નથી પરંતુ એમની સૂક્ષ્મ દ્રષ્ટિ અને શક્તિઓના અનુભવ આજે પણ લાખો આત્માઓ કરે છે. તેઓ તેમને આસુરી અવગુણોથી મુક્ત બની દૈવી ગુણવાન જીવન જીવવાની સૂક્ષ્મ પ્રેરણાઓ આપી રહેલ છે. આજે વિશ્વના 140થી વધુ દેશોમાં સંસ્થા એક ઘટાદાર વૃક્ષ સમાન બની ગયેલ છે અને લાખો આત્માઓ તેઓનું જીવન દૈવી ગુણોથી યુક્ત બનાવવાનાં પુરુષાર્થમાં વ્યસ્ત છે.

18 જાન્યુઆરીના રોજ વિશ્વ વિદ્યાલય આ વર્ષ બ્રહ્માબાબાની 52(બાવન)મી પુણ્યતિથિ મનાવી રહેલ છે. આજના દિવસે આ વિદ્યાલયના લાખો બ્રહ્માવત્સો બ્રહ્માબાબાની ઉપસ્થિતિના સાક્ષાત્કાર કરાવી વિશ્વમાંથી આતંકવાદ, ભ્રષ્ટાચાર, અત્યાચારનો નાશ કરી શાંતિની દુનિયાનું નિર્માણ કરવા વિશ્વ શાંતિ માટે યોગનું દાન કરશે. આપ સર્વ પણ આ મહાન કાર્યમાં જોડાઈને સહયોગી બનો એવી શુભપ્રાર્થના.

વો દિન કિતને પ્યારે થે,
યે દિન ભી કિતને પ્યારે હૈ,
જબ બાબા સાથ હમારે થે,
બાબા અબ ભી સાથ હમારે હૈ...

॥ ઓમશાંતિ ॥

આંતરિક સૌંદર્ય

બ્ર.કુ. નીલમ પારેખ, ઈસનપુર, અમદાવાદ.

"સૌંદર્ય". આ શબ્દ જ કેટલો સુંદર લાગે છે. નામની સાથે જ હૃદયમાં ખુશી છવાઈ જાય છે. સૌંદર્ય શબ્દ સાંભળતા જ સૌથી પહેલા પ્રાકૃતિક સૌંદર્ય જ યાદ આવી જાય. નદીઓ, ઝરણાં, પર્વતો અને પર્વત ઉપરથી આથમતો સૂરજ દેખાય, તેની ઉપરથી આકાશમાં ઉડતા પક્ષીઓ દેખાય, આછા વાદળો દેખાય, કેટલું સુંદર દ્રશ્ય આંખ સામે આવી જાય છે. રંગબેરંગી ફૂલો અને ફૂલો ઉપર પતંગીયું ગોળ-ગોળ ફરીને બેસે ત્યારે જાણે નજર તેને જોયા જ કરે. ઝરણાં વહે ત્યારે તેનો ખડ-ખડ અવાજ સાંભળવાની પણ એક મજા છે. જ્યારે નાના હતા ત્યારે કોઈ ચિત્ર દોરવાનું કહે તો સૌથી પહેલા કુદરતી દ્રશ્ય દોરવાનું મન થાય. આમ, આ પ્રાકૃતિક સૌંદર્યની તો વાત જ કરીએ એટલી ઓછી છે. કોઈ સુંદર વસ્તુ કે વ્યક્તિને જોઈને તમારી નજર સ્થિર થઈ જાય છે. મન મોહી લે છે. તેમાં પણ શારીરિક સુંદરતાની તો વાત જ શી કરવી, વરસોથી જોતાં આવ્યા છે કે સ્ત્રીની બાહરી સુંદરતાને આગવી પ્રાથમિકતા આપવામાં આવે છે. ભલે પછી તે પત્ની, પુત્રી, કે માંના રૂપમાં જ કેમ ન હોય. આ બાહ્ય સૌંદર્ય જાળવવા માટે બીજા ઉપર નિર્ભર રહેવું પડે છે.

આપણને કોઈ કહે તમારા ચહેરા પર કોઈ ડાઘ પડેલ છે તો તરત જ આપણે દર્પણમાં જોવા જઈશું અને તેને કાઢવા માટે કેટલી મથામણ કરીશું. પહેલા ઘર ઉપચાર કરીશું તેનાથી ના નીકળે તો કોઇ ડોક્ટર પાસે અથવા તો આયુર્વેદિક ઉપચારો કરીને બ્યુટી પાર્લરમાં જઈને પણ તેને દૂર કરવાનો પ્રયાસ કરીશું. સુંદર દેખાઈએ તેના માટે અલગ-અલગ પ્રસાધનો વાપરીને સુંદરતા લાવીએ છે. બાહ્ય સુંદરતા ન બગડે તેના માટે વારંવાર દર્પણમાં જોઈએ છીએ કે ક્યાંય મારો શ્રુંગાર બગડયો તો નથી ને! કોઈ પ્રસંગમાં સુંદર કપડાં પહેરીને મેકઅપ કરીને તૈયાર થઈને જઈએ છીએ પણ ત્યાં અચાનક ભૂલથી કોઇના દ્વારા આપણા કપડા પર ચા ઢોળાય ત્યારે આપણો ચહેરો બગડી જશે. ત્યાં જ આપણી ખુશી ગુમ, સુંદરતા નથી રહેતી. ઘણીવાર બાહ્ય સુંદરતા પ્રગતિમાં અવરોધ રૂપ બને છે. આપણો ચહેરો સુંદર હોય, આપણાં કપડા સુંદર હોય પણ જો આપણી અંદર ચીડચીડાપણ હોય, કોઈના માટે નફરત હોય તો તે આપણી સુંદરતાને નષ્ટ કરી નાખે છે.

તો મારા વ્હાલા મિત્રો, શું જીવનમાં બાહ્ય સૌંદર્ય જ મહત્વનું છે. દર્પણમાં આપણું બાહ્ય સ્વરૂપ તો જોયું પણ હશે. સ્વયંને દેખવાની જરૂરત છે. આધ્યાત્મિક દર્પણ દ્વારા સ્વયંને, આત્માના પિતા પરમાત્માને તેમજ આપણા કર્મો ને જોઈ શકીએ છે.

આંતરિક સૌંદર્ય માટે આપણે આપણી જાતને ઓળખવી જરૂરી છે. સ્વદર્શન કરવું જરૂરી છે. એટલે કે સ્વયંનું દર્શન કરવું જોઈએ. અત્યાર સુધી આપણે પરદર્શન કરતા આવ્યા, બીજાને નીહાળતા આવ્યા, બીજાના અવગુણો જોતા આવ્યા પણ ક્યારેય આપણી જાતને દેખવાનો પ્રયાસ ન કર્યો. જો આપણે આપણી જાતને દેખીશું તો આત્માનાં નીજ ગુણ જેવાં કે, શાંતિ, પ્રેમ, આનંદ, પવિત્રતા, શક્તિ, સુખ ઈમર્જ થતા સદભાવના, સમભાવના, વસુદેવ કુટુંમ્બકમની ભાવના, આપસમાં આપસી પ્યાર જાગૃત થાય છે.

(અનુસંધાન પેજ નં. 21 પર)

અખંડ ભારત

બ્ર.કુ. જયુભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

બાબાએ કહ્યું છે કે ભારત અવિનાશી ખંડ છે એટલે જ ભગવાન ભારતભૂમિ પર અવતરિત થાય છે. એવી પ્રાચીન માન્યતા છે, ભારત વિશ્વમાં તેની પ્રાચીન દૈવી સંસ્કૃતિ અને સભ્યતા માટે પ્રચલિત - પ્રસિધ્ધ છે. પરમાત્માની અવતરણભૂમિ હોવાના કારણે તેની મહિમા વિશ્વભરમાં છે. યજ્ઞનો ઈતિહાસ કહે છે, પરમાત્માનું અવતરણ બ્રહ્માબાબાના તનમાં 1936માં સિંધ હૈદરાબાદ (હાલ પાકિસ્તાન)માં થયું ત્યારે ભારત દેશ અખંડ હતો. ભારતમાંથી એક ભાગમાં પાકિસ્તાન થયું. યજ્ઞ ભારતમાં માઉન્ટ આબુ પર સ્થાનાંતરિત થયો. આમ આબુ પર્વત શ્રેષ્ઠ તીર્થભૂમિ બની જે આજે જગપ્રસિધ્ધ સંસ્થા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખ્યાલય છે.

વર્તમાન સમયમાં પરમાત્માના અવતરણના આદિ સ્થાન પાકિસ્તાનને લઈને નિત્ય નવા સમાચાર પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં આવે છે. એમાં પણ 5મી ઓગસ્ટ 2019ના રોજ જે ઘટના બની તેમાં ભારતીય બંધારણની કલમ 370 દૂર કરવામાં આવી. વિશ્વએ વિવાદથી મુક્ત થઈ ગયું. આ વાત આવનારા સમયમાં ઘણા સંકેતો આપી જાય છે. આપણા યજ્ઞના અધિક મહાસચિવ રાજયોગી રમેશભાઈજી (ગામદેવી, મુંબઈ) એ આ ઘટનાના સંદર્ભમાં ડ્રામાના આ દૃશ્યને દીર્ઘદૃષ્ટિ રાખીને આપણી સમક્ષ રજૂ કર્યું હોય એવું મને લાગે છે. કારણ કે વિભાજિત ભારત ફરી અખંડ ભારત તરીકે ડ્રામાના અંતમાં પ્રત્યક્ષ થશે એવું લાગી રહ્યું છે. આખી બાબત સમયના અંતિમ સંકેતો આપી રહ્યું છે. અંતિમ સમયના વિનાશ અને નવી દુનિયાનાં સ્થાપનાનાં દૃશ્યો દેખાય રહ્યાં છે. જેની કેટલીક વાતો જે મારી સમજમાં આવી છે તે આપની સમક્ષ રજૂ કરું છું. ભારતભરમાં અંગ્રેજો અધિકાર પ્રાપ્ત કર્યો. ત્યારથી જ એટલે કે 1876 થી ભારતના વિભાજનની શરૂઆત થઈ. તેમાંથી જ ક્રમશઃ અફઘાનિસ્તાન, નેપાળ, ભૂતાન, તિબેટ, શ્રીલંકા, બર્મા અને છેલ્લે પશ્ચિમ, બર્મા અને છેલ્લે પશ્ચિમ પાકિસ્તાન અને પૂર્વ પાકિસ્તાન જે 1971માં બાંગ્લાદેશ બન્યા અને કાશ્મીર જેવા વિવાદોની શરૂઆત થઈ.

ભારતમાંથી વિભાજીત થયેલ રાષ્ટ્રો ફરી ભારતમાં ભળી ભારતને શક્તિશાળી રાષ્ટ્ર બનાવશે જે આજે લગભગ એશિયાની મહાસત્તા છે એવું કહેવું અતિશયોક્તિ નથી. સાથે સાથે વિશ્વની રાજકીય અને આર્થિક પરિસ્થિતિ પણ ત્રીજા વિશ્વયુદ્ધનાં એંધાણ આપી રહ્યું છે. વિશ્વના દરેક રાષ્ટ્રોની આંતરિક પરિસ્થિતિ પણ સંતોષજનક નથી. જે મહાવિનાશ માટે કારણરૂપ બનશે. એક બાજુ અમેરિકા ભારત તરફી નીતિ અપનાવી રહ્યું છે. જ્યારે બીજી બાજુ પશ્ચિમના કેટલાક દેશો અને ઈસ્લામિક રાષ્ટ્રો દ્વારા પણ પાકિસ્તાન માટે અસંતોષનો પવન ફૂંકાયો છે. આમ પણ ભૂતકાળમાં કેટલાક વિદ્વાન જ્યોતિષીઓએ ભારત વિષે કરેલી આગાહી સાચી પૂરવાર કરે છે. વિશ્વની વર્તમાન મહાસત્તાઓને નીતિવિષયક માર્ગદર્શન આપતી સંસ્થાઓએ વર્તમાન સમયે ભવિષ્યની ઘટના તરફ જે ધ્યાન ખેંચ્યું છે તે જોતાં તેમનાં સૂચનો અને શક્યતાઓને નકારી શકાય તેમ નથી. વળી ભારતના વિશ્વના અન્ય રાષ્ટ્રો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધો, શાંતિપૂર્ણ વ્યવહાર અને યોગ્ય તેમજ સંયમી વલણ પણ ભારત માટે

આવનારા સમયના શુભ સંકેત આપી રહ્યું છે.

લાગે છે કે નવી દુનિયાના સાક્ષાત્કાર થવાને હવે વધુ સમય નથી. સાથે સાથે વિનાશના દૃશ્યને પણ જોવા આપણે સજ્જ થવું પડશે. અંતિમ સમયની તૈયારીનો સમય હવે ખરેખર પાકી ગયો છે. યજ્ઞમાં પણ ખૂબ નજીકના સમયમાં જ પરિવર્તનનાં આવાં જ દૃશ્યો જોવા મળે તો નવાઈ નહીં. સ્વર્ણિમ ભારતની થાપણ આજના બ્રાહ્મણ (બ્રહ્માવત્સ) સો હોવનહાર દેવતાઓના હાથમાં આવે તે પહેલાં સ્વરાજ્ય અધિકારી બનવું પડશે. જે કંઈ સ્વયંને પ્રાપ્ત થઈ રહ્યું છે તે સર્વને ઉદાર દિલે રહેમદિલ બનીને આપવું પડશે. સ્વાર્થી બની સ્વ અર્થે જ વાપરીશું તો ઉચ્ચ પદની પ્રાપ્તિથી વંચિત રહીશું. સ્થૂલ અથવા સૂક્ષ્મમાં બાબાએ જે આપ્યું છે તેને ઉદારતાથી વહેંચવું પડશે. રાજાઈ ગુણોને ધારણ કરવાનો સમય પાકી ગયો છે. આવનારી નવી દુનિયામાં રાજ્ય કરવાને લાયક બનવા રોયલ્ટીની પર્સનાલિટી આપણાં વાણી અને વર્તનમાં દેખાવી જોઈશે. આસપાસ બનતી ઘટનાઓ અને પરિસ્થિતિને સૂક્ષ્મ રીતે સમજી ભવિષ્ય માટે સજ્જ થવું પડશે. બાબાના સૂક્ષ્મ ઈશારાઓને ટચીંગ અને કેચીંગ પાવરથી કેચ કરી યોગ દ્વારા સમજવા પડશે. ટૂંકમાં બ્રહ્માવત્સો માટે સપૂર્ણ સંપન્ન અને પરમાત્મા સમાન બનવા માટે ખરેખર સમય ઘણો જ ઓછો છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 30નું અનુસંધાન)... જીવન રાગની ખુશામતની ખુશામત.

આપણે તો રંગને મોહ અને આસક્તિના રૂપમાં ઓળખીએ છીએ, જીવીએ છીએ પરિણામે જીવન સંગીત સરી જાય છે. આપણી દરેક ક્ષણ બે તાલમાં જીવાય છે કારણ કે આપણે તો થોડી જ ક્ષણોમાં બધું જ પ્રાપ્ત કરી નાખવું છે. પરિણામ એ આવે છે કે આપણે સદાને માટે તૃષાતુર રહીએ છીએ. તરસી આંખોથી આપણે સુખને આરોગી જવા ઈચ્છીએ છીએ. કારણ કે મધુરમ જન્મે ત્યાં સુધી થોભવાની આપણામાં ધીરજ નથી.

જો આપણે જીવનના રાગને જાણવા ઈચ્છતા હોઈએ, જો આપણે આપણાથી પ્રભુ સુધી જવા ઈચ્છતા હોઈએ, તો અંતરનો અનુરાગ એ પ્રથમ શરત છે. સૃષ્ટિ સાથેની સત્યમય - સ્નેહમય - સંવાદિતા એ બીજી શરત છે. એવો માનવી જ રાગનો મોહનો વિજેતા છે, રાગનો સૂરનો સર્જક છે. અવિનાશી ઈશ્વરનો આરાધક છે.

મિત્રો, આપણે જીવાતા જીવનમાં દિલથી જીવનરાગ સુધીની યાત્રા કરવી હોય તો, અંતરના અનુરાગથી જ શરૂઆત કરવી પડશે. સાચા સુખ, શાંતિ, આનંદ અને પવિત્રતાનો અનુભવ કરી શકીએ, ચાલો સહપરિવાર સાથે યાત્રામાં પ્રથમ પગલાઓ પાડીએ અનુભવી બનતા જઈએ એવી શુભ ભાવના સાથે... **॥ ઓમશાંતિ ॥**

(પેજ નં. 31નું અનુસંધાન)... આટલા દિવસ જ્ઞાનથી

છે. કારણ કે આજે આ વિશ્વ વિદ્યાલયની ઘણી જરૂર છે. ચારે બાજુ અશાંતિ, તનાવ, વ્યભિચાર, કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારની બોલબાલા છે. આ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય એક સંસ્થાન છે. જે શાંતિના આંદોલનો ફેલાવીને દુ:ખી માનવતામાં શાંતિની, શક્તિની પ્રેમની, પવિત્રતાની, જ્ઞાનની, શક્તિની લહેરોનું સંચાર કરી રહ્યું છે. પૂરા વિશ્વને કલિયુગમાંથી કાઢીને સતયુગમાં લઈ જઈ રહ્યું છે. આવો, આપ સર્વ મળીને આ યજ્ઞને આગળ વધારવામાં જોડાઈ જઈએ. આપ પોતાના નજીકના સેવાકેન્દ્ર ઉપર જાઓ. જીવનને સુખી બનાવો.

॥ ઓમશાંતિ ॥

વિપરીત પરિસ્થિતિમાં પણ સ્વસ્થિતિનું સંતુલન

બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

આ સંસારમાં હાર-જીત, સુખ-દુઃખ, ચડતી-પડતી, ઉંચાઈ-નીંચાઈ મનુષ્યથી ન સહેવાય એવી અગણિત પરિસ્થિતિઓ અથવા પ્રતિકૂળ સંજોગો આવવાનાં છે. પરંતુ એમાં પણ મનની સ્થિરતા, ધૈર્યતા, સહનશીલતા રાખવી એ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે. સહનશક્તિનાં અભાવે વાત-વાતમાં જોશ આવવો, ગુસ્સો કરવો જેનાથી સ્વાસ્થ્ય પર પણ નુકસાન થાય છે. વ્યક્તિ અનેક પ્રકારનાં રોગોનો શિકાર બની જાય છે. નકારાત્મક વિચારોનાં કારણે સમય, શક્તિ, શ્વાસનું સંતુલન રહેતું નથી. સહન કરવાની ક્ષમતા ઓછી થઈ જાય છે અને આવેલી પરિસ્થિતિઓનો સામનો કરવામાં સ્વસ્થિતિ નિર્બળ બની જાય છે.

યાદ આવે છે કે, મહર્ષિ અષ્ટાવક્ર આઠ અંગોથી વાકાં હતાં, ચાણક્ય પણ કુરૂપ હતાં, સુક્રાંત પણ કદરૂપ હતાં, આદિ શંકરાચાર્ય ભગંદર રોગમાં પીડાતા હતાં, સૂરદાસ આંધળા હતા એવા અનેકાનેક દ્રષ્ટાંતો છે. આપણે જાણીએ છીએ કે, આ સંસારમાં કોઈનું કોઈ નથી સર્વે સ્વાર્થી છે. વર્તમાન સમયે પ્રકૃત્તિનું તાંડવ પણ જોરદાર છે. થોડાં સમય પહેલાં રોગનાં કદીય નામ સાંભળ્યા ન હોય એવી બીમારીઓ જેવી કે ચીકનગુનીયા, ફ્લુય, ડેંગ્યુ અને હવે કોરોના મહામારી રસ વિહોણું વાયરસ નામનું નીકળ્યું છે. જેનાથી વિશ્વભરમાં ગભરાહટ સાચા અર્થમાં ફેલાઈ ગયો છે. કારણ કે એ બીમારી એક સેકન્ડમાં લોકોને ભરખી લે છે. લાખો લોકોને મૃત્યુની શૈયા પર પોઢાળી દીધા છે. આ પણ એક પ્રકારનો પ્રતિકૂળ સંક્રાતત્મક રોગ જ છે. જે મનુષ્યનાં મન-બુદ્ધિ અને વિચારો પર આક્રમણ કરે છે. જેને આપણે બીજા શબ્દોમાં પ્રકૃતિનો પ્રકોપ, કુદરતનો કોપ અથવા કોઈ જન્મનાં પાપકર્મોનો દોષ કહી શકાય. આવી પરિસ્થિતિમાં મનનું સંતુલન જાળવવું, લોકતંત્રનાં વિધિ-વિધાન અનુસરવું, ઈશ્વરીય આજ્ઞાઓનું પાલન કરવું. એ જ આપણી દૃષ્ટિએ સાચી સમજશક્તિ છે. પ્રભુપિતા પણ કહે છે કે તમે એક ચૈતન્ય શક્તિ આત્મા છો. સદાય જાગતા રહો અને સતર્કતા રાખો, ખબરદાર રહો, સાવધાન રહો કારણ કે માયા એટલે પાંચ વિકાર (કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર) આ સર્વે તમારાં જીવનનાં દુશ્મનો છે. કોઈપણ સમયે, કોઈપણ સ્વરૂપે આવી તમારી મનોસ્થિતિને હચમચાવી શકે છે પરંતુ તમે હિમ્મતવાન બની નૈતિક, સામાજિક, વ્યવહારિક તંત્રમાં ગભરાઈને ગરબડ પેદા ન કરો. વિકારો રૂપી શત્રુઓથી હાર નહીં ખાઓ. સંસારનાં સ્વાર્થી આંધળાં પ્રેમમાં આર્કષાઈ સત્યમ્-શિવમ્-સુંદરમ્ ઈશ્વરને ભૂલો નહીં. અજ્ઞાની લોકો મનુષ્યની ઉચીં હસ્તિને મીટાવવાં ભલે ઘણાં ષડયંત્ર રચતાં હોય. નકારાત્મક વૃત્તિવાળા લોકોને હંમેશા ભયનું ભૂત, મૃત્યુનો ભય, વ્યવહાર વ્યાપારમાં નુકસાન, જૂઠાં લોકોનું આક્રમણ તેમ જ વિશ્વાસઘાત જેવી મુશ્કેલીઓ આવતી હોય છે પરંતુ આવા સમયે માનસિક શક્તિનો પ્રયોગ કરી પરિસ્થિતિઓનો સામનો કરી જીવનની સંતુલનતા જાળવી રાખવી. મનનું નિયંત્રણ એક શાશ્વત પ્રભુ પિતાની યાદથી જ પ્રાપ્ત થઈ શકે છે.

એવું પણ જોવામાં આવે છે કે આવા સમયે લોકો, 'હું ચૈતન્ય શક્તિ આત્મા છું.' એ ભાન

(અનુસંધાન પેજ નં. 34 પર)

જીવન રાગની યાત્રા કરવી હોય તો..

બ્ર.કુ. અનિલ, સુરત

સામાન્ય રીતે રાગનો અર્થ થાય છે સૂરમય અવાજ. જે સંવાદિતાનું સત્ય છે. રાગ એ માનવીને શરીર રૂપી પિંજરાના કેદી નથી બનાવતો. એ એક એવુ માધ્યમ છે કે જે સ્પંદનની ભાષામાં વાત કરી ઐક્યનું નિર્માણ કરે છે. સંગીતની ભાષાને જે જાણે છે તેને ખબર છે કે એ હૃદયથી હૃદય સુધી વિસ્તરીને ઈશ્વર સુધી પહોંચવાનો માર્ગ એક જ છે અને તે છે જીવનરાગ. રાગના રૂપ સમી પ્રકૃતિનું સત્ય માનવીના સત્યથી અલગ નથી. ભાષા એ સ્થૂળ સાધન છે પણ સંગીત સૂક્ષ્મની નજીક છે. તેથી જ તે સત્યની વધુ નિકટ છે.

આ જીવનરાગના સત્યને આપણે એક દૃષ્ટાંતથી સમજીએ. એક વખત અકબરને કોઈએ વાત કરી કે. તાનસેન આટલું સરસ મજાનું ગાય છે પણ એના ગુરુ હરિદાસ એનાથી પણ સારુ ગાઈ છે. અકબરે તાનસેનને બોલાવીને એમના ગુરુ હરિદાસને સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી. તાનસેને કહ્યું, આપ જો મારા ગુરુદેવનું સંગીત માણવા માંગતા હો તો આપે મારી સાથે એમના આશ્રમ પર આવવું પડશે. કારણ કે ગુરુદેવ મહેલમાં નહીં આવે. અકબરને હરિદાસને સાંભળવાની તાલાવેલી હતી આથી એમને મહેલ છોડીને આશ્રમમાં જવાની તૈયારી બતાવી. તાનસેન અકબર રાજાને લઈને ગુરુજી પાસે પહોંચ્યો. ગુરુજીને વંદન કરીને સામે બેસી ગયો, અકબર રાજાને પણ બેસી જવા માટે ઈશારો કર્યો.

શહેનશાહ અકબર પોતાના પદને બાજુએ મૂકીને જમીન પર નીચે બેસી ગયા. હરિદાસજીએ ગાવાની શરૂઆત કરી. ધીમે-ધીમે રાજા સહિતના સૌ ગુરુજીની ગાયકીમાં ડૂબી ગયા. તાનસેનનું સંગીત શરીર ડોલાવતું હતું, જ્યારે ગુરુ હરિદાસજીનું સંગીત તો આજે આત્માને ડોલાવી રહ્યું હતું. દરબારમાં પાછા ફર્યા બાદ અકબરે તાનસેનને પૂછ્યુ, તારાં ગુરુની ગાયકીમાં એક જુદા જ પ્રકારની ખુમારી હતી. એમના શબ્દો મારા હૃદયને સ્પર્શતા હતાં. તારાં ગાયનમાં એવી મજા નથી જેવી તારાં ગુરુજીના ગાયનમાં છે. આવું કેમ? તાનસેને હાથ જોડીને કહ્યું શહેનશાહ હું હિન્દુસ્તાનના રાજાને રાજી કરવા માટે ગાઉં છું જ્યારે મારા ગુરુ અનંત કોટિ બ્રહ્માંડના રાજા ઈશ્વરને રાજી કરવા માટે ગાઈ છે એટલે ફરક તો રહેવાનો જ ને?

આપણને સંગીતની માત્રાનું પૂરું જ્ઞાન નથી, તે છતાં રાગની વાતો કરવી છે, કારણ કે આપણે રાગનો અર્થ જ ઊંધો ઘટાવ્યો છે. આસક્તિનો આસવ પીને રાગને રમાડી ન શકાય. બનાવટી ચોકઠાં જેવી જૂઠ્ઠી આંગળીઓ વડે સંગીતના સૂરો રેલાવી ન શકાય. અંતરના અનુરાગ વગર, સંગીતને જાણ્યા વગર રાગને રેલાવી શકાતો નથી. સંગીતને જાણ્યા વગર - જીવ્યા વગર ઈશ્વરને ઓળખી શકાતો નથી. હૃદયની અવેજીમાં બુદ્ધિ કામ ન લાગી શકે. બુદ્ધિની અવેજીમાં અંતર આસન ન લઈ શકે. મન અને હૃદયના સમન્વય વડે જ જીવનની સંવાદિતાના સૂર રેલાવી શકાય. આપણે જે કંઈ જીવીએ છીએ તે રાગના સંર્દભમાં નથી જીવતાં. આપણો સંદર્ભ છે આપણું સુખ. આપણી આંખોની નજરનો વિસ્તાર છે આપણો સ્વાર્થ. આપણા કાનોનો સ્વભાવ છે - સ્વ પ્રશંસાનો આવકાર. આપણી જીભનો વલવલાટ છે -

(અનુસંધાન પેજ નં. 28 પર)

આટલા દિવસ જ્ઞાનથી શા માટે દૂર રહ્યો

બ્ર.કુ. મહાવીરપ્રસાદ ટાંટિયા, દિલ્હી

મારી ઉંમર 70 વર્ષ છે. હું ભક્તિમાર્ગમાં ઘણી ગહનતાથી ડૂબેલો હતો. અચાનક બે માસ પહેલાં મારા એક મિત્રએ કહ્યું, આપ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સ્થાનિક સેવાકેન્દ્રમાં સાત દિવસનો કોર્સ કરી લો, આપને સારું લાગશે. આપ એના માટે યોગ્ય પાત્ર છો. મેં ના પાડી. બે ચાર દિવસ બાદ એમણે ફરી દબાણથી કહ્યું, હું મન વગર જવા તૈયાર થઈ ગયો. એમણે તારીખ અને સમય નક્કી કર્યો.

ભક્તિ કરતાં પણ તનાવ, હલચલ ભટકવાનું યથાવત

ડેરાવાલ નગર, દિલ્હીનું સેવાકેન્દર મારા નિવાસની સમીપ હતું ત્યાં એક બ્રહ્માકુમારી બહેન દ્વારા મારો કોર્સ શરૂ કર્યો. પ્રથમ દિવસના કોર્સ પછી હું સતત આવતો રહ્યો. પ્રત્યેક દિવસે મેં અનુભવ કર્યો કે આ જ્ઞાન કોઈ સાધારણ જ્ઞાન નથી. આવા જ્ઞાનની મને ઘણા સમયથી શોધ હતી. ભક્તિમાર્ગમાં આટલા વર્ષો સુધી લીન રહેવા છતાં પરિવર્તન તો દૂર, મારો તનાવ, મનની હલચલ, બુદ્ધિનું ભટકવાનું યથાવત્ હતું. પરંતુ અહીં કોર્સ કરતાં મે અનુભવ્યું કે જ્ઞાન તો મારી દબાતી નસને ગોસારી કરી રહ્યું છે. મારી દુખતી રહો પર મલમનું કામ કરી રહ્યું છે. હું આટલા દિવસ જ્ઞાનથી દૂર શા માટે રહ્યો?

મૂંઝવણ, તનાવ થયા પળવારમાં ગાયબ

નિમિત્ત શિક્ષિકા બહેને પ્રથમ દિવસે કહ્યું હતું કે ના દુઃખ આપવું છે, ના દુઃખ લેવું છે. માત્ર સુખ જ આપવાનું છે, સુખ જ લેવાનું છે. દુશ્મનને પણ માફ કરી દેવાના છે. સર્વમાંથી ગુણ ગ્રહણ કરવાના છે. બીજાઓનું ચિંતન કરવાનું નથી. એમણે સ્વમાન આપ્યું કે આપ ભાગ્યશાળી આત્મા છો. આપની હાર થઈ શકતી નથી. આપ બીજાઓના વિઘ્નોને દૂર કરનારા બની ગયા છો. સફળતા આપનો જન્મ સિદ્ધ અધિકાર છે. આપને પરમાત્મા બાબા શિવે લાખો કરોડોમાંથી પસંદ કર્યા છે. એમનો વરદાની હાથ આપના શિર પર છે. સાચું કહું આ સાંભળીને ભટકાવ, મૂંઝવણ, હલચલ, મનની ચંચળતા, અલબેલાપણું પળવારમાં ગાયબ થઈ ગયું છે. હું વર્ષોથી કોઈ ધ્યેય વિના જીવી રહ્યો હતો. હું તો એમ કહીશ કે મારી જિંદગીનાં આ બે વર્ષ મારા માટે અમૂલ્ય નિધિ છે. આજે હું વિચારું છું કે 10-20 વર્ષ પહેલાં આ સર્વોચ્ચ વિશ્વ વિદ્યાલયમાં શા માટે ના આવ્યો? પરંતુ બ્રહ્માકુમારી બહેને જણાવ્યું કે બાબાને જ્યારે જેની જરૂર હોય છે, એ સમયે એનો હાથ પકડી લે ચે. અહીં મોડું વહેલું હોતું નથી. કેટલીક વાર જે પાછળથી જ્ઞાનમાં આવે છે તે આગળ વધી જાય છે. હવે હું દરરોજ મુરલી સાંભળવા આવું છું. મારો પ્રયાસ એ રહે છે કે એકપણ મુરલી મીસ ના કરું. મુરલીને ઘેર જઈને બે વાર સાંભળું છું. મુરલી સંભળાવું છું જેથી મારો પુરુષાર્થ વધે.

હું બાબાનો લાખ લાખ આભાર માનું છું કે એમણે મારો હાથ પકડીને મને ધન્ય ધન્ય બનાવી દીધો. મારા જીવનને પરિવર્તિત કરી દીધું. આજે હું પોતાને સંસારનો સુખી પ્રસન્ન, આનંદિત ભાગ્યશાળી માનવ સમજું છું. હું ઈચ્છું છું કે આ વિદ્યાલયને આપણે વધારે આગળ લઈ જઈએ. આ યજ્ઞમાં જેટલી આહુતિઓ આપીએ તેટલી ઓછી

(અનુસંધાન પેજ નં. 28 પર)

પ્રસંગ પરિમલ

અનુભવથી મળેલું જ્ઞાન બહુમૂલ્ય

એક ઝવેરી હતો. તેનું આકસ્મિક મોત થઈ ગયું. પરિવારમાં તેની પત્ની અને નાનો પુત્ર હતો. ઝવેરીની પત્નીએ લાંબો સમય બચતથી પસાર કર્યો. એક દિવસ પોતાના પુત્રને એક પોટલી અને ઝવેરીનું સરનામું આપતાં કહ્યું, આ આપણા જૂના સંબંધી છે. એમને આખી વાત જણાવજે અને ઘરેણાં વેચી આવજે. છોકરો હવે ઝવેરીની દુકાને હતો. ઝવેરીએ ઘરેણાં જોયાં પરંતુ બાળકને પાછા આપ્યા અને કહ્યું, 'મમ્મીને કહેજે, જ્યારે સારો ભાવ હશે ત્યારે ઘરેણાં વેચશો તો સારા પૈસા મળશે. રહી વાત તારા અભ્યાસ અને ઘર ખર્ચની. તો આવતી કાલથી તું મારી દુકાને મદદ કર. બદલામાં હું તારો ખર્ચ ઉઠાવીશ.' વર્ષો સુધી છોકરો ઝવેરીને ત્યાં કામ કરતો રહ્યો. એક દિવસ ઝવેરીએ છોકરાને કહ્યું, આવતી કાલે પોટલી લેતો આવજે. હવે સારો ભાવ છે. છોકરાએ ઘેર જઈને માતા પાસેથી પોટલી લઈ લીધી. ઉત્સુકતા સાથે તેણે પોટલી ખોલી. જોકે ઘરેણાં નકલી હતાં. હવે છોકરાને સમજાયું નહીં કે આવતી કાલે તે ઝવેરીને શું કહેશે. જો કે બીજા દિવસે ઝવેરીને ત્યાં પહોંચ્યો. તેણે પૂછ્યું. તમે મને એ દિવસે કેમ ના કહ્યું કે ઘરેણાં નકલી છે. ઝવેરીએ કહ્યું, જો એ દિવસે બતાવી દેતો તો તને અને તારી માતાને લાગતું કે તમને સંકટમાં જોઈને હું બદલાઈ ગયો છું. આથી મેં ઉચિત સમયની રાહ જોઈ છોકરાની આંખોમાં કૃતજ્ઞતાના આંસુ હતાં.

બોધપાઠ - સમય અને અનુભવ સૌથી મોટા શિક્ષક છે. જે કોઈ નથી શીખવાડતું, તે આ શીખવાડી શકે છે.

આત્માનો સંતોષ

એકવાર અવંતીપુરમાં સાધુ કોટિકર્ણ આવ્યા. એ દિવસે એમના નામની ધૂમ હતી. એમના સત્સંગમાં લોકો દૂર દૂરથી આવતા હતા. એ નગરમાં રહેનારી કલાવતી પણ સત્સંગમાં આવતી હતી. કલાવતીની પાસે અપાર સંપત્તિ હતી. એમના રાત્રિ સત્સંગની વાત નગરના ચોરોને મળી તો એમણે ઘરમાં બાકોરું પાડવાની યોજના બનાવી. એકવાર જ્યારે કલાવતી સત્સંગમાં ગઈ, ત્યારે ચોર ઘરમાં આવ્યા. ઘર પર દાસી એકલી હતી.

જ્યારે દાસીને ખબર પડી કે ચોર ઘરમાં બાકોરું પાડી રહ્યા છે તો તે ડરીને ત્યાંથી ભાગી અને કલાવતી સત્સંગમાં બેઠી હતી ત્યાં ગઈ. કલાવતી તન્મય બનીને કોટિકર્ણની અમૃતવાણી સાંભળી રહી હતી. દાસીએ એને ઈશારો કરીને બોલાવી, પરંતુ કલાવતીએ ધ્યાન આપ્યું નહીં. એની વચ્ચે ચોરોનો સરદાર દાસીઓ પીછો કરીને સત્સંગમાં પહોંચી ગયો. ત્યારે દાસી ડરીને કલાવતીની પાસે જઈને બોલી - સ્વામિન ઘરમાં જઈએ ચોર આવ્યા છે. કલાવતીએ કહ્યું, તું ચૂપચાપ સત્સંગ સાંભળ. ધન તો ગમે ત્યારે મળશે પરંતુ આટલો સારો સત્સંગ ક્યાં મળશે?

કલાવતીનો જવાબ સાંભળીને ચોરોનો સરદાર સ્તબ્ધ બની ગયો અને એણે પૂરો સત્સંગ સાંભળ્યો. સત્સંગ સમાપ્તિ પર તે કલાવતીના પગે પડ્યો અને બોલ્યો, આજે તમે મારી આંખો પરથી અજ્ઞાનનો પડદો હટાવી દીધો છે હવે હું કદી ચોરી નહીં કરું. ત્યાં સુધી એના સાથે ચોર પણ ત્યાં આવી પહોંચ્યા. એમણે કહ્યું, આપણને કેટલું ધન

(અનુસંધાન પેજ નં. 15 પર)

વિશેષતાનો ખોટો ઉપયોગ કરશો નહીં

બ્ર.કુ. વિનાયક, સોલાર પ્લાન્ટ, શાંતિવન, આબુરોડ.

18મી સદીની વાત છે. ઈમૈન્યુઅલ લિંગર નામનો એક ચિત્રકાર જર્મનીથી આવીને અમેરિકાના એક ગામમાં રહેતો હતો. તે ઘણાં સુંદર ચિત્રો દોરતો હતો. એટલે લોકો એને પસંદ કરતાં હતાં. એક દિવસ એના મનમાં ઘણો ખરાબ વિચાર આવ્યો કે હું ડોલરની નકલી નોટ બનાવું. જેથી હું તરત જ અમીર બની જાઉં. આ વિચારથી તે ઘણો ઉત્તેજિત થયો તરત ડોલરની નોટ બનાવવા માટે કાગળ, અલગ અલગ રંગ વગેરે એકઠાં કરીને નોટ બનાવવાનું શરૂ કર્યું. હાથથી નોટનું ચિત્ર બનાવવું તે ઘણું અઘરું કામ હતું. એક સપ્તાહમાં માત્ર વીસ ત્રીસ ડોલર બનાવી શકતો હતો અને તેનાથી ગુજરાન ચલાવતો હતો.

એક સવારે એણે શાકભાજી ખરીદી. નકલી નોટ કાઢીને શાકવાળાને આપી અને ચાલી પડ્યો. શાકભાજીવાળો હંમેશાં બોરીની નીચે પૈસા એકઠાં કરતો હતો. એ નોટને પણ બોરીની નીચે રાખી. જ્યારે ઘેર પાછા જવાનો સમય થયો તો એણે ગણવા માટે બધી નોટો બહાર કાઢી. એણે જોયું કે એક નોટનો રંગ ફેલાઈ ગયો છે. તે રંગ બીજી નોટોને પણ લાગી ગયો છે. કારણ કે બોરી થોડી ભીની હતી. બાકી નોટ પલળેલી હતી પણ નકલી નોટનો રંગ ફેલાઈ ગયો. આસપાસના લોકોને પણ ખબર પડી કે નકલી નોટ બજારમાં આવી છે. જોતજોતામાં ત્યાં ભીડ એકઠી થઈ ગઈ.

સમાચાર મળતાં પોલીસ પણ આવી ગઈ. શાકભાજીવાળાને ખબર હતી કે નોટ લિંગરે આપી છે. કારણ કે એ દિવસે વધારે મૂલ્યની નોટ માત્ર આજ હતી. લિંગરને તે ઓળખતો હતો. પોલીસવાળાઓને તે લિંગના દરવાજા સુધી લઈ ગયો. પોલીસ ધીરેથી અંદર આવીને જુએ છે તો ઓરડામાં રંગ, પીંછી, કાગળ વિખરાયેલા પડ્યાં છે. આ સમયે તે નોટ બનાવવામાં તલ્લીન હતો. એની ધરપકડ કરવામાં આવી અને આ ગુના માટે તેને ત્રણ વર્ષની જેલની સજા થઈ.

જેલમાં એને પૂછવામાં આવ્યું કે તે કયું કામ કરી શકે છે. લિંગરે કહ્યું કે મને ચિત્રો દોરવાનું એક જ કામ આવડે છે. જેલના અધિકારીએ જરૂરી સામગ્રી બનાવીને એને આપી. એને કહ્યું ઠીક છે ચિત્રો બનાવતા રહો. રોજબરોજ ચિત્રકલામાં રોનક આવતી હતી. એના ચિત્રોથી સજીવતા અને ગહન ભાવનાઓની ભાસના આવતી હતી. આ ચિત્રોને જેલવાળા વેચતા હતા.

સારો સ્વભાવ જોઈને લિંગરની સજામાં ઘટાડો કરવામાં આવ્યો અને ચિત્રો વેચવાથી જે પૈસા મળે તે લિંગરને આપવાનો નિર્ણય થયો. જેલમાંથી મુક્તિ વખતે જેલ અધિકારીએ કહ્યું, લિંગર તમારા પૈસા લઈ જાઓ. કેદીઓની મજૂરી ઓછી કિંમતની હોય છે. એટલે લિંગરે ઉદાસ થઈને પૂછ્યું કે કેટલા પૈસા મળશે? અધિકારીનો જવાબ સાંભળીને લિંગર આશ્ચર્યચકિત થઈ ગયો. તે હતા પંચોતેર હજાર ડોલર. લિંગને લાગ્યું કે અધિકારી મજાક તો નથી કરતા ને? એના આશ્ચર્યને જોઈને અધિકારીએ કહ્યું, લિંગર તમે ઘણા નાદાન છો. તમે એક વિશ્વ પ્રસિધ્ધ ચિત્રકાર બની શકો છો. પણ આટલી વિશેષતા એ ભગવાનની ભેટ છે. એનો તમે ચોરીના કામમાં ઉપયોગ કર્યો. હવે સુધરી જાઓ. આગળ જતાં લિંગર પ્રસિધ્ધ ચિત્રકાર તો બન્યા પણ પશ્ચાતાપનો કાંટો એમના હૃદયને વાગતો રહ્યો કે

ભગવાનની આ ભેટનો દુરુપયોગ કરવાથી મને આ સજા મળી.

હવે રાજયોગીઓએ પોતાની તપાસ કરવાની છે. વિશ્વ સામે ઉદાહરણમૂર્ત બનવા માટે પરમપિતા શિવ પરમાત્માએ વરદાનના રૂપમાં પાંચ વિશેષતાઓ આપી છે. મનને ઈશ્વરમાં જોડવું, ઈશ્વરીય જ્ઞાનનું મંથન કરવું, બુદ્ધિને શિવપિતાની યાદમાં એકાગ્ર કરવી વ્યર્થથી મુક્ત બનવું યા સ્વદર્શન ચક્ર ફેરવવું, સદા સર્વ પ્રત્યે સારું વિચારવું. આપણે એ જોવાનું છે કે વિશેષતાઓનો આપણે ખોટો ઉપયોગ તો નથી કરતાને? મનને શિવબાબાને બદલે વ્યક્તિ, વસ્તુ, વૈભવમાં તો લગાવીને નથી બેઠાને? જ્ઞાન-મંથનને બદલે વ્યર્થ તથા દુન્યવી વાતોમાં મન ભટકતું નથીને? બુધ્ધિને એકાગ્ર કરવાને બદલે ટી.વી., સિનેમા, વીડિયો, મોબાઈલ, દુન્યવી સમાચાર, મનોરંજન વગેરેમાં તો મગ્ન નથી કરતાને? સ્વદર્શનને છોડીને પરદર્શન નથી કરતાને? નફરત, ઈર્ષ્યા, બદલો લેવો, આ ભાવનાઓ રાખીને દિલનો ઉપયોગ તો નથી કરતાને?

જો આ વિશેષતાઓનો દુરુપયોગ કરીશું તો અવશ્ય યાદ રાખજો કે એક દિવસે દુનિયા આપણને કહેશે ભગવાને તમને ઊંચા બનાવવાનું વરદાન આપ્યું પણ તમે એનો પતન માટે દુરુપયોગ કર્યો. તમારા જેવા નાદાન દુનિયામાં કોઈ નથી. મેં આવું શા માટે કર્યું? આ પ્રશ્ન પશ્ચાતાપના રૂપે અંતિમ શ્વાસ સુધી યાદ રહેશે.

લિંગરની આંખો સજા ભોગવ્યા પછી ખુલી પણ આપણે સજા પહેલાં જ આપણી આંખો ખોલીને સ્વયંને જોઈએ. પોતાની વિશેષતાઓને શિવ-પિતાને પ્રત્યક્ષ કરવા માટે સફળ કરીએ અને વિશ્વની સામે ઉદાહરણમૂર્ત બનીએ.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 29નું અનુસંધાન)...વિપરીત પરિસ્થિતિ

ભૂલીને દેહભાનમાં આવીને ક્ષણિક સુખનાં નશામાં આવી જાય છે. જેથી તેઓનું મન માનસિક હતાશામાં આવી વિચિત્ર વલણ અપનાવે છે. સામાન્ય બાબતને મોટું સ્વરૂપ આપીને પોતાનું સંતુલન ગુમાવી દે છે એટલે ઈશ્વરીય જ્ઞાન માનવ આત્માઓને આવેશ ઉત્તેજનાનાં નિરાશ વિચારોથી મુક્ત કરી પ્રકૃતિની વિકૃત પરિસ્થિતિઓથી મુક્ત કરી સાચી સંસ્કૃતિનો ભાન કરાવે છે. જેથી મનુષ્ય આત્માઓનું અગણિત પરિસ્થિતિઓનો સામનો કરી સ્વસ્થિતિનું સંતુલન જાળવી રાખે છે. જેના માટે સાર્થક યોગાભ્યાસ પ્રતિદિન કરવો જરૂરી છે. એટલે પ્રતિપળ પ્રભુ પિતાને યાદ કરી કર્મ કરવાથી પ્રત્યેક સમસ્યાઓનું સહજ રીતે મળી જાય છે જેને સહજ રાજયોગ કહેવાય છે. જે અનેક વિપરીત પરિસ્થિતિઓમાં સ્વસ્થિતિનું સંતુલન રખાવે છે.

॥ ઓમશાંતિ ॥



Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં ડિસેમ્બર-૨૦૨૦ માસની શબ્દાવલી ભાગ-૨ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ-૩ અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઊભી ચાવીઓ ભરશો. તમને આવતાં જાન્યુઆરી-૨૦૨૧ના અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ-૩ના જવાબો મળશે.

સંગમયુગની શબ્દાવલી ભાગ-૩

૧		૨		૩	■	■	૪	■	૫
	■		■	૬		૭		૮	
	■	■	■		■	૯			■
૧૦	૧૧	૧૨	■	■	■	■		■	૧૩
■	૧૪		૧૫	■	■	૧૬			
૧૭	■	■	૧૮		■	૧૯		■	
૨૦	૨૧	■		■	૨૨			૨૩	
૨૪		■	■	૨૫			■		■
■	■	૨૬	૨૭	■		■	૨૮		૨૯
■	૩૦			■		■	૩૧		

શબ્દાવલી ભાગ-૨ના જવાબોવાળું કોષ્ટક

૧ ક્રિ	શ્ચિ	ય	૨ ન	■	૩ સિ	■	૪ અ	૫ જ્ઞા	ન
સ	■	■	૬ સી	ર	તા	૭ જ	■	ન	■
મ	■	૮ ર	બ	■	૯ રા	ગ	■	ગં	■
૧૦ સ	ફે	દ	■	■	■	તી	■	૧૧ ગા	૧૨ દી
■	■	■	૧૩ ત	■	૧૪ લો	યુ	■	■	ન
■	૧૫ સો	૧૬ મ	ર	૧૭ સ	■	■	૧૮ શાં	૧૯ તિ	■
■	૨૦ ગા	મ	■	૨૧ વા	૨૨ સ	■	૨૩ તા	ર	■
■	૨૪ ત	ત્વ	■	૨૫ લ	ત	■	ક્લો	■	૨૬ એ
૨૭ સી	■	■	૨૮ ન	■	યુ	■	૨૯ ઝ	૩૦ લ	ક
૩૧ ડિ	સે	મ્બ	ર	■	૩૨ ગ	જ	■	૩૩ વ	તા

આડી ચાવીઓ:-

૧. શિવની પ્રથમ પૂજા કરનાર (૫)
૬. ભારતનું રાષ્ટ્રગાનના પ્રથમ શબ્દો (૬)
૯. ઉતરાયણ કે સંક્રાંતે આકાશમાં ઉડે (૩)
૧૦. રાષ્ટ્રધ્વજ (૩)
૧૪. એક સૂત્ર : જય.....-જય કિસાન (૩)
૧૬. બ્રહ્માબાબાનું એક નામ (૪)
૧૮. જીત (૨)
૧૯. ..... પુરાની સાથી સંભલ કે ચલ (૨)
૨૦. વિષ્ણુનું એક અંલકાર (૨)
૨૨. રીપબ્લીક શબ્દનો ગુજરાતી અર્થ (૫)
૨૪. વિશાળ મંડપ (૨)
૨૫. ખુશી કા ...... (૩)
૨૬. ......માંથી પાપડ બને (૨)
૨૮. સુંગધી પદાર્થ (૩)
૩૦. પતંગનો દોરો વીટવાનું સાધન (૩)
૩૧. ઉનાળામાં લોકો પાણીની ...... બંધાવે (૨)

ઊભી ચાવીઓ:-

૧. બ્રહ્માબાબાનો સ્મૃતિ દિવસ એટલે ...... (૪)
૨. બુધ્ધિ (૪)
૩. પાથરણું, ચટ્ટાઈ (૩)
૪. ૨૬મી જાન્યુઆરીનો દિવસ (૭)
૫. આન - ..... - શાન (૨)
૭. પગ શબ્દનું ઉંધું (૨)
૮. એક કઠોળ (૨)
૧૧. દુ:ખ (૨)
૧૨. ભારતનું એક રાજ્ય જ્યાં પોર્ટુગીઝોનું રાજ્ય હતું (૨)
૧૩. સતયુગ, દૈવી દુનિયા (૪)
૧૫. ...... સે નિહાલ (૩)
૧૬. આવવું-જવું શબ્દોનું હિન્દી અનુવાદ (૪)
૧૭. ઉત્તરાયણના દિવસે બનતી એક વાનગી (૩)
૨૧. નંબર, અનુ.... (૨)
૨૨. ..... બ્રહ્માબાબા (૪)
૨૩. આણંદ જીલ્લાનો એક તાલુકો (૪)
૨૬. દૂધ, ખાંડ, ચોખાની એક વાનગી (૨)
૨૭. તલની મીઠાઇ (૨)
૨૮. ચા પીવાનું એક પાત્ર (૨)
૨૯. ઈશ્વર, પ્રભુ, ભગવાન (૨)

Gyan Amrit Vol.14 | Issue 1 | January 2021 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Pubished on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December-2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

ભાવનગર પાસે ચિત્રા ખાતે નિર્માણ થનાર સેવાકેન્દ્રના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં શુભેચ્છા આપતાં ભાવનગર મ્યુનિસિપલ કમિશ્નર ભ્રાતા એમ.એ.ગાંધી IAS, દિવ્યજીવન સંઘના સ્વામી ત્યાગવૈરાગ્યનંદજી, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, ઉદ્યોગપતિ ભ્રાતા અચ્યુતભાઈ મહેતા. ભૂમિપૂજન કરતાં મ્યુ. કમિશનર ભ્રાતા એમ.એ.ગાંધી IAS સાથે બ્રહ્માકુમારી બહેનો. સ્વામી ત્યાગવૈરાગ્યનંદજીને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. સરલાબેન.

દાંતીવાડામાં નિર્માણ થનાર સેવાકેન્દ્રના ભૂમિપૂજન સમારોહમાં દીપ પ્રજ્જવલન કરતાં ધારાસભ્ય ભ્રાતા નાથાભાઈ પટેલ, બનાસ ડેરીના ડાયરેક્ટર ભ્રાતા પરથીભાઈ ચૌધરી, તાલુકા પૂર્વ પ્રમુખ ભ્રાતા મહેન્દ્રભાઈ, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન. ભૂમિપૂજનની વિધિ કરતાં મહેમાનશ્રી અને બ્રહ્માકુમારી બહેનો તથા કાર્યક્રમમાં ઉપસ્થિત બ્રહ્માકુમારી બહેનો.

સાંઘલીમાં બ્રહ્માકુમારીઝ તથા દશાબાજ વાણિક સમાજના સહયોગથી જરૂરિયાત મંદોને ગરમ કપડાંનું વીતરણ કરતાં બ્ર.કુ. જ્યોતિબેન તથા ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. પારૂલબેન.

ખેડામાં અસ્મિતા અભિવાદન, આઈશ્રી ખોડિયાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત સમાજસેવકોના સન્માન કાર્યક્રમમાં મામલતદાર ભ્રાતા રૂપેશભાઈ, પ્રમુખ અસ્મિતા અભિવાદ ભ્રાતા ગૌતમભાઈ, પ્રમુખ ખોડિયાર ચેરીટેબલ ટ્રસ્ટ ભ્રાતા નીતિનભાઈ, પત્રકાર ભ્રાતા મયંકભાઈ, બ્ર.કુ. દક્ષાબેન.

If Undelivered Please Return To :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com